Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પુ૦ ૩૧ મું.
ફાલ્ગુન
અંક ૮ મો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૬૦
આત્મ સં. ૩૮
વિ.સં.૧૯૯૦

મુલ્ય રૂ. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શ્રી ઉપમિતિભવપ્રપંચાકથાનું ભાષાંતર... 'મનોનંદન' ... ... ૧૭૯
૨ અમારી પૂર્વદેશની યાત્રા. મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ... ... ૧૮૨
૩ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયકદશા. નરોતમ બી. શાહ ... ૧૮૫
૪ આત્મચિંતન... ... ચોકશી ... ... ... ... ૧૮૭
૫ શ્રાવક આચાર... ... શુદ્ધ આચાર ઇચ્છક ... ... ૧૮૯
૬ સત્યજ્ઞાન ... મુનિ શ્રી લબ્ધિવિજયજી મહારાજ ... ... ... ૧૯૦
૭ શિલ્પના બે જૈન ગ્રંથો... મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી મહારાજ ... ૧૯૧
૮ કુરૂક્ષેત્રમાં ધર્મબીજારોપણ. મુનિ શ્રી દર્શન વિ૦ મહારાજ ... ... ૧૯૯
૯ हिंदना सकळ जैन बंधुओने नम्र विनंति. ... ... ... ૨૦૩
૧૦ સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ... ૨૦૪
૧૧ શ્રીમાન્ હંસવિજયજી મહારાજનો સ્વર્ગવાસ ... ... ... ૨૦૫



જલદી મંગાવો. થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## " નવું પ્રકટ થતું જૈન સાહિત્ય. "

૧ બૃહતકલ્પસૂત્ર—પ્રથમ ભાગ. ફોર્મ ૩૮ સવાત્રણશેંહ પાનામાં, એંકલેઝર ઉંચી જાતના પેપરો ઉપર. કિંમત ચાર રૂપીયા.

૨ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત—બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાના ( સુપરરોયલ આઠ પેજી સાઇઝ ) ક્રોક્ષલીલેઝર કિંમતી કાગળો ઉપર બંને ગ્રંથો મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી સુંદર વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઈડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત ટકાઉ કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. કિંમત ત્રણ રૂપીયા. ( પોસ્ટેજ જુદું ). ( બે માસમાં તૈયાર થશે )

કૃપાળુ મુનિરાજો શ્રી ચતુરવિજયજી મહારાજ અને શ્રી પુણ્યવિજયજી મહારાજના સંશોધન વગેરે અથાગ પરિશ્રમના ફળરૂપે આવું ઉચ્ચ સાહિત્ય પ્રગટ થાય છે. વિશેષ પરિચય હવે પછી.

### ગુજરાતી ભાષાના ગ્રંથો.

શ્રી પ્રભાવકચરિત્ર. ( આધુનિક જૈન ઐતિહાસિક અપૂર્વ ગ્રંથ. ) જૈનશાળા, સ્કુલો, વિદ્યાલયોમાં શિક્ષણ ગ્રંથ તરીકે ચલાવવા યોગ્ય ઇતિહાસિક ગ્રંથ. ૨-૮-૦
શ્રી પેથડકુમાર ચરિત્ર. ( ,, ) .... .... .... ૧-૦-૦
શ્રી ધર્મ પરીક્ષા. .... ૧-૦-૦ શ્રી સુરસુંદરી ચરિત્ર.... છપાય છે.
શ્રી મહાવીરચરિત્ર. .... છપાય છે. શ્રી શ્રીપાળરાજાનો રાસ.... ,,


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु। कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् ॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्तानतुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य—सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४६०. फाल्गुन आत्म सं. ३८ { अंक ८ मो.

## મહાત્માશ્રી સિદ્ધર્ષિપ્રણીત ઉપમિતિ-ભવપ્રપંચાકથાનું સપદ્ય-ગદ્ય ભાષાંતર.

[ ગતાંક પૃષ્ઠ ૧૫૫ થી શરૂ ]

### રંક પર 'સુસ્થિત' મહારાજની કરુણા દૃષ્ટિ.

સર્વદર્શી 'સુસ્થિત' રાજા—

ત્રોટક

રમણીય મહાલયના શિખરે,
વળી સપ્તમ ભૂમિતલા ઉપરે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભુવનેશ લીલાથી બિરાજી રહ્યા,
પરમેશ્વર 'સુસ્થિત' તેહ તહાં. ૧૬૬
[1]અધ:ભાગ વિષે સઘળું પુર તે,
વિધવિધ પ્રવૃત્તિ જહાં વરતે;
પ્રમુદિત નિરંતર જેહ અતિ,
ચઉપાસથી તે નિરખે નૃપતિ. ૧૬૭
* નથી વસ્તુ કંઇ પુરમાંહિ તહાં,
નથી વર્ત્તતી બ્હાર વળીય કહાં;
નથી ગોચર જે તસ દષ્ટિતણે,
અવલોકન તે કરતા નૃપને. ૧૬૮

**( એથી કરીને )—**

અનુષ્ટુપ્—

[2]દર્શને ગાઢ બીભત્સ, મહારોગ ભરેલ ને;
શિષ્ટોને કરુણા સ્થાન, એવા પેઠેલ રંકને. ૧૬૯
નિર્મલ દષ્ટિ રાજેંદ્ર, મહાત્માએ કૃપા ધરી;
[3]પૂતપાપ કર્યો જાણે! વૃષ્ટિ સ્વદષ્ટિની કરી. ૧૭૦
( યુગ્મ. )

## તે કરુણાદષ્ટિ દેખી 'ધર્મબોધકર' ની વિચારણા અને કરુણા.

દોહરા.

રસવતીના અધિકારી જે, 'ધર્મબોધકર' નામ;
રાજદષ્ટિ તેણે દીઠી, તે પડતી તે ઠામ. ૧૭૧

**અહો! આશ્ચર્ય—**

વિચારમાં ત્યારે પડી, તે ચિંતે ચિત્તમાંય;
"શું અદ્દભુત આ? જે ખરે! હાલ મને દેખાય! ૧૭૨
વિશેષથી જેના પરે, દષ્ટિ કરે પરમેશ;
તે નર સત્વર થાય છે, ત્રિભુવનનોય નરેશ.[4] ૧૭૩
એહ રંક તો દીન ને, રોગગ્રસ્ત તસ ગાત્ર;
જગ ઉદ્વેગ નિમિત્ત તે, મૂઢ [5]અલક્ષ્મીપાત્ર. ૧૭૪

---

*તે અદષ્ટમૂલપર્યંત નગરમાં કે તેની બ્હાર કયાંય પણ એવી કોઇ પણ વસ્તુ નથી કે જે તે મહાલયની સાતમી ભૂમિકાએ બિરાજેલા સુસ્થિત મહારાજની દષ્ટિને ગોચર ન હોય. તાત્પર્ય કે તે સર્વદર્શી છે.

૧. નીચેનો ભાગ. ૨. દેખાવામાં અતિ સુગ ઉપજાવે એવો. ૩. જાણે કે રાજેંદ્રે કૃપાદષ્ટિની વૃષ્ટિ કરી રંકના પાપ ધોઇ નાંખ્યા. ૪. રાજા. ૫. અલક્ષ્મી-નિર્ધનતાનું પાત્ર-લક્ષ્મીને પાત્ર નહિ એવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**( તેથી )—**

વિચારતાં [૬]પૂર્વાપરે, પણ યુક્ત જ આ કેમ;
દૃષ્ટિપાત પરમેશ્વરી,[૭] એની ઉપર એમ ? ૧૭૫

**કૃપાદષ્ટિનું કારણ—**

+ હું, જાણ્યું ! આ દૃષ્ટિનો, હેતુ વિણુ સંદેહઃ–
કારણ 'સ્વકર્મવિવરે,' પ્રવેશાવિયો એહ. ૧૭૬

**અને—**

અપરીક્ષિત[૮] કરનાર આ, સ્વકર્મવિવર નો'ય;
તેથી દૃષ્ટ સદ્દૃષ્ટિથી, રાજરાજથી સોય. ૧૭૭
ને આ ભુવને જેહને, પક્ષપાત વળી થાય;
તે [૯]પરમેશ્વરપાદનું, પ્રિય પાત્ર થઈ જાય. ૧૭૮
અને નેત્રરોગે કરી, છે પરિપીડિત[૧૦] આજ;
ઉઘાડે જ નિજ લોચનો, એના દર્શન કાજ. ૧૭૯
સહસા એના દર્શને, બીભત્સદર્શન[૧૧] તાસ;
વદન દર્શનીયતા[૧૨] લહે, પામી હર્ષોલ્લાસ. ૧૮૦
ને રોમાંચિત એ કરે, ધૂલિમલિન સર્વાંગ;
ઉપજ્યો તેથી જણાય છે, ભુવને તસ અનુરાગ. ૧૮૧
રંકરૂપ સ્ફુટ હાલમાં, ધારે એહ છતાંય;
પામશે જ વસ્તુત્વને, રાજદૃષ્ટિ સુપસાય." ૧૮૨

અનુષ્ટુપ્

**यथा राजा तथा प्रजा—**

એવું વિચારી તે પ્રત્યે, કૃપા તત્પર તે થયા;
સત્ય સુણાય છે લોકે,—'यथा राजा तथा प्रजा.

'મનોનંદન'

---

૬. આગળ–પાછળના સંબંધથી વિચારતાં, ૭. પરમેશ્વરનો. ૮. પરીક્ષા કર્યા વિના કામ કરનાર. ૯ 'પાદ' શબ્દ બહુમાનસૂચક છે. જેમકે પૂજ્યપાદ, આચાર્યપાદ ઇત્યાદિ ૧૦. સર્વથા પીડાયેલો. ૧૧. બીભત્સ દેખાવવાળો. ૧૨ સુંદરપણું, દેખાવડાપણું.

+ પૂર્વાપર સંબંધ વિચારતાં ધર્મબોધકરને આશ્ચર્ય થાય છે કે આવા અપાત્ર રંક પર પરમેશ્વરની કૃપાદૃષ્ટિ કેમ ઘટે? પછી તેને આમ કારણ જણાય છેઃ–(૧) સ્વકર્મ-વિવરે રંકને અત્રે પ્રવેશ કરાવ્યો છે, અને સ્વકર્મવિવર સમ્યક્ પરીક્ષા કરીને જ પ્રવેશ કરવા દે એવો છે. (૨) જેને આ રાજમંદિર પ્રત્યે પક્ષપાત ઉપજે છે તેના પર મહા-રાજના કૃપાદૃષ્ટિ થાય છે, અને આ રંકને ઇંગિતાકાર ઉપરથી અત્રે પક્ષપાત જણાય છે માટે તે કૃપાદૃષ્ટિ યુક્ત છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૫૮ થી શરૂ )

**જોનપુર–જૈન** સાધુઓના પાદવિહારથી ઘણા ઘણા લાભો છે તેમાંય અનેક અપરિચિત અને અપ્રસિદ્ધ સ્થાનો જોવાનાં મળે છે કે જેમાંથી ઘણું ઘણું નવું જાણવાનું મળે છે. અહીં એવું જ થયું. આ નગર કાશીથી પશ્ચિમે ૩૪ માઇલ દૂર છે. આ શહેરનું પ્રથમ પુરાણું-નામ **જૈનપુરી** હતું. અહીં એક વાર જૈન ધર્મનું પુરૂં સામ્રાજ્ય હતું. ગોમતી નદીના કિનારે અનેક જૈન મંદિરો હતાં. અહીંથી ખોદાણકામ કરતાં અનેક જૈન મૂર્તિઓ–જિનવરેન્દ્રોની મૂર્તિઓ નીકળી છે જેમાંની ઘણીખરી કાશીના મંદિરોમાં છે. **યદ્યપિ વર્તમાનમાં એક વિશાળ ભવ્ય મસ્જીદ છે, જે ૧૦૮ કુલિકાનું વિશાલ જિનમંદિર હતું. એ ગગનચુમ્બી ભવ્ય મંદિરની મસ્જીદ બની** છે. આ મંદિરની રચના જૈન મંદિરની રચના જ છે. મોગલ સમયમાં આ ભવ્ય મંદિરનો વિનાશ કરી મસ્જીદ બનાવેલ છે. ઘણે સ્થાને નૂતન સુધારાવધારા કરી મંદિરને મસ્જીદ બનાવવા પ્રયત્ન કર્યો છે, છતાં અંદર તો સાફ જિનમંદિર હોય એમ જણાય છે. કહે છે કે ખંડિત–અખંડિત ઘણી જૈન મૂર્તિઓ અંદર દાટેલી છે. અમે આ મંદિર–અત્યારની મસ્જીદ નજરે જોઇ. શું સુંદર ભવ્ય રચના છે ! તેનો ઘાટ અને શિલ્પકામ હેરત પમાડે તેવું છે. અંદર સુંદર વિશાલ ભોંયરા છે, અમને લાગે છે કે મંદિર ત્રણ માળનું હશે. એક બે મુસલમાનોને પૂછ્યું, તેમણે પણ કહ્યું કે " એ બડા જૈનીયોંકા મંદિર થા, બાદશાહને તુડવા કર મસ્જીદ બનવા દી " બે ચાર બ્રાહ્મણ પંડિતોને પૂછ્યું. તેમણે પણ એ જ કહ્યું. આનું નામ જૈનપુરી હતું તેમાંથી જૈનાબાદ, જોનાબાદ અને જોનપુર પડયું છે. આ દેશના મંદિરોમાં આ મંદિર પ્રથમ નંબરનું છે. આગ્રાથી લઇને કલકત્તા સુધીમાં આવું વિશાળ મંદિર અમે કયાંય નથી જોયું. જ્યાં સંખ્યાબંધ જિનમંદિરોના ઘંટાનાદથી અને હજારો જૈનોથી આ શહેર ગાજતું ત્યાં આજે નથી એક પણ જિનમંદિર કે નથી એક પણ જૈન ઘર. અત્યારે તો હિન્દુઓ અને મુસલમાનોની વસ્તી છે. તેમાંય મુસલમાનોનું જોર છે. હિન્દુઓ એવા નિર્બળ અને કાયર છે કે તેઓ તેમના રહ્યાંસહ્યાં મંદિરો પણ નથી સાચવી શકતા. કહે છે કે તે પણ મસજીદ બની જશે. અહીંના આ વિશાલ જિનમંદિરની આ દુરાવસ્થા જોઇ અમારા હૃદયમાં કારી ઘા પડયો. પૂર્વદેશની પુરાણી જૈનપુરીની આ દશા ! અહીં કોઇ યાત્રી તો નથી આવતા. પાદવિહારી સાધુ જાય છે તેમાંય આ બધું બારીકીથી જોનાર કોઇ વીરલા જ હોય છે.

**સાંગરામઉ**—જોનગરથી વીસ માઇલ દૂર ઉત્તરમાં **સાંગરામઉ** નાનું ગામડું છે. ત્યાં પણ પ્રાચીન જૈન મૂર્તિઓ નીકળી છે. સ્થાન પ્રાચીન અને દર્શનીય છે. ત્યાંથી ૨૪ માઇલ દૂર **મછલી શહેર** છે. ત્યાંથી ચાર માઇલ જંગલમાં ખોદતાં ઘણી જૈન મૂર્તિઓ નીકળી છે. આ બધા ઉપરથી એમ લાગે છે કે એકવાર આ પ્રદેશમાં જૈનોનું પુરેપુરૂં પ્રભુત્વ હશે, પરંતુ શંકરાચાર્યજીના સમયમાં જૈનોને ભયંકર ફટકો પડયો અને તેમાં મુસલમાનોએ પૂર્તિ કરી. આ પ્રદેશની ઐતિહાસિક દ્રષ્ટિએ ગવેષણા થવાની પૂરેપૂરી જરૂર છે. કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરાતત્ત્વવિત્ આ બાજુ લક્ષ્ય આપે તો પૂર્વદેશના જૈનધર્મના ઇતિહાસનું એક ગૌરવવંતુ સુવર્ણ પાનું મળી જાય તેમ છે. આ બધું જોતાં જૈન ધર્મના ગૌરવનું સ્થાન જોતા આચાર્યો, તીર્થંકરો અને ગણધરોના પાદસ્પર્શથી પૂનિત ભૂમિની ફરસના કરતા લાંબા લાંબા વિહાર કરતા અયોધ્યાજી-વિનીતાનગરી આવ્યા.

**અયોધ્યા**—બહુ જ પ્રાચીન નગરી છે. વર્તમાન ચોવીસીનું પ્રથમ નંબરનું શહેર છે. દેવાધિદેવ આદિનાથ પ્રભુના પ્રથમ રાજ્યાભિષેક સમયે ઇન્દ્રની આજ્ઞાથી કુબેરે આ નગરીની રચના કરી હતી, તેમ જ યુગલિકોનો વિનય જોઇ-તેમની વિનીતતા જોઇ નગરીનું નામ **વિનીતા** રાખ્યું હતું તેમજ પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજાની આ પાટનગરી હતી. અહીં પાંચ તીર્થંકરોનાં ૧૯ કલ્યાણક થયાં છે. આદિનાથપ્રભુનાં ચ્યવન, જન્મ અને દીક્ષા તેમજ ૨ જા, ૪ થા, ૫ મા, ૧૪ મા, આ ચાર તીર્થંકરોનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન આ પ્રમાણે કુલ ૧૯ કલ્યાણક થયાં છે. સ્થાન બહુ જ પવિત્ર, પ્રાચીન અને સુંદર છે. મહા-સત્યવાદી રાજા હરિચંદ્ર પણ અહીં જ થયા છે. તેમનો કુંડ પણ વિદ્યમાન છે. ભગવાન્ રામચંદ્રજી પણ અહીં જ થયા છે. મહા સતી સીતાજીની પણ શુદ્ધિ-પરીક્ષા આ નગરી બહાર જ થયેલી અને અગ્નિ જળરૂપ બની ગયો હતો. જૈનોનું આ મહાન્ તીર્થ છે તેમ અજૈનોનું-જૈનેતરોનું પણ મહાન્ તીર્થ મનાય છે. આજ તો એ પુરાણી ભવ્ય નગરી દટ્ટન પટ્ટન્ થઇ ગયેલ છે. અહીં......... ........માં સુંદર વિશાલ શ્વેતાંબર ધર્મશાળા અને શ્વેતાંબર મંદિર છે. શ્વે. મંદિરમાં પાંચે પ્રભુનાં કલ્યાણક સૂચવનારી દેરીઓ છે. વચમાં અજિતનાથ પ્રભુનું સુંદર સમવસરણ મંદિર છે. તેમાં **અજિતનાથ પ્રભુની** કેવલ-જ્ઞાન પાદુકા વચમાં છે. બાજુમાં અભિનંદન પ્રભુ આદિની પ્રાચીન મૂર્તિઓ છે. મૂર્તિની રચનામાં બૌદ્ધ સ્થાપત્યની સ્પષ્ટ અસર દેખાય છે, પરન્તુ જિનેશ્વર પ્રભુની જ મૂર્તિ છે એ ચોક્કસ છે. બીજી બાજુમાં અનંતનાથ પ્રભુની પાદુકા છે. નીચે સમવસરણ મંદિરની સામે મંદિર છે, તેમાં મૂળનાયક શ્રી **અજિતનાથ** પ્રભુ છે. જમણી બાજુ **આદિનાથ પ્રભુ** અને ડાબી બાજુ શ્રી **મહાવીરપ્રભુની મૂર્તિ** છે. મંદિરમાં પ્રવેશ કરતાં જમણી બાજુએ **પાંચ પ્રભુના ચ્યવન કલ્યાણક**ની પાદુકાઓવાળી એક દેરી છે. સામે ચાર પ્રભુના ગણધરોની પાદુકા છે. સમવસરણ મંદિરમાં પ્રવેશ કરતાં એટલે મૂળ પ્રવેશદ્વારમાં જતાં પાંચ પ્રભુના જન્મકલ્યાણકની પાદુકા છે અને ડાબી બાજુ ચાર પ્રભુના દીક્ષા-કલ્યાણકની પાદુકા છે-દેરી છે. હવે ઉપર સમવસરણ મંદિરમાં પગથીયાં ચઢીને જવાય છે તેમાં પ્રથમ જમણી બાજુ અનંતનાથ પ્રભુના કેવલ કલ્યાણકની પાદુકા-દેરી હતી પરન્તુ ત્યાં વેદી તૂટી જવાથી સમવસરણ મંદિરમાં પાદુકા પધરાવેલ છે. તેની સામે શ્રી **સુમતિનાથ** પ્રભુની કેવલ કલ્યાણક દેરીમાં પાદુકા છે. ડાબી બાજુ શ્રી ઋષભદેવ પ્રભુની દીક્ષા કલ્યા-ણકની દેરીમાં પાદુકા છે અને સામી બાજુ અભિનંદન પ્રભુની કેવલ કલ્યાણક પાદુકા દેરીમાં છે. મંદિર સુંદર અને પ્રાચીન છે. મંદિર બહુ જ જીર્ણ થઇ ગયેલ છે. ચોતરફ નમી ગયું છે અને તરાડો પડી ગઇ છે. દરવાજા પણ તુટી ગયા જેવા જ છે. લગભગ દશેક હજારનો ખર્ચ થતાં કામ સારૂં થઇ જાય તેવું છે. આ વર્ષે જીર્ણોદ્ધારનું કામ શરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયું છે. [redacted].

અહીં દિગંબર મંદિર પણ છે. આપણા મંદિરથી દૂર છે. અહીં કોઇ વાતનો ઝઘડો નથી. બન્ને સમાજના મંદિર અને ધર્મશાળા તદ્દન અલગ જ છે. શ્વેતાંબર મંદિર અને મૂર્તિઓ વધારે પ્રાચીન છે, જ્યારે દિ. મંદિર અર્વાચીન છે. અહીં વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયના પણ મંદિરો છે, પરન્તુ સર્વથી વધારે મંદિરો રામચંદ્રજીનાં અને હનુમાનજીનાં છે. કુલ **પાંચ હજાર ત્રણસેં ને ત્યાશી અજૈન મંદિરો** છે. આ મંદિરની સંખ્યા જ સૂચવે છે કે અજૈનો આ તીર્થને કેટલું મહત્ત્વનું માને છે. એક ભાઇ અમને આમાંથી કેટલાક સ્થાનો જોવા લઇ ગયા હતા, પરન્તુ બધે ભોગ ધરવાનો સમય થયો હતો એટલે જ્યાં જઇએ ત્યાં કહે **ભોગ લાગ્યા** છે (?) અમને સાંભળી હસવું આવતું, દુઃખ પણ થતું કે બિચારા દેવના **ભોગ લાગ્યા** છે. ખરી રીતે રાગાન્ધ ભક્તોએ દેવના ભોગ જ લગાડ્યા છે. બાકી દેવની આટલી પરવશતા અને નિરાધારતા બીજી કઇ હોઇ શકે? અમુક નિયત સમયે જ દર્શન દે. અન્ધ ભકતોની ઇચ્છા પ્રમાણે જુદા જુદા અભિનય કરવા જ પડે. ક્યાં વિરાગી વીતરાગીની દશા–સ્વતંત્રતા અને ક્યાં આ રાગીપણાની પરવશતા?

રામચંદ્રજીના મૂળ સ્થાનમાં અત્યારે મસ્જીદ છે. હિન્દુઓની નિરાધારતા, અનાથતા, દીનતા અને કાયરતાનું સાચું જીવતુંજાગતું ચિત્ર મેં અહિં જોયું. બહાર રામચંદ્રજીની દેરી છે જ્યાં પૈસાના લાલચુ પંડાઓએ જન્મસ્થાન મનાવ્યું છે. આ સિવાય કૈકેયી કોપભુવન, રામચંદ્રજી શૃંગાર ભુવન, શયનભુવન, રાજ્યભુવન આદિ સ્થાનો પ્રાચીન કહેવાય છે. બાકી અત્યારે તો રામલીલાને નામે બાળલીલા જ રમાય છે. નથી એ આદર્શ પુરુષની પૂજા કે આરાધના–છે સ્વાર્થ અને ભોગની આરાધના. અહીં બંદરો—વાંદરાઓથી ખાસ બચવા જેવું છે. મોટા મોટા વાંદરા માણસોને પણ ડરાવે છે. યદિ લગાર પ્રમાદી કે બેદરકાર રહો તો જરૂર કંઇક ચીજ ગુમાવો જ, બંદર લઈ જાય. ત્યાં સુધી કે તમે લગાર બીજા ખ્યાલમાં હો તો ભાણામાંથી હાથ મારી જાય આ અયોધ્યા નગરી ઘણાં વર્ષો ભારતની રાજધાની રહી છે. છેલ્લે મુગલાઇ સમયમાં અવધની રાજધાની હતી.

અયોધ્યાથી ચાર માઇલ દૂર **ફૈજાબાદ** છે. અહીં એક નાનું મંદિર છે. મોતીચંદજી નખતે બંધાવ્યું છે. ધર્મશાળામાં વ્યવસ્થા નથી અને યાત્રિક ન હોય ત્યારે પૂજા પણ થતી હશે કે કેમ એ પ્રશ્ન છે. અહીનું મ્યુઝીયમ ખાસ જોવા જેવું છે. અહીંથી ૬૦ માઇલ ઉત્તરે **શ્રાવસ્તિ** નગરી છે જે અત્યારે Satmahat સેટમેટ કિલ્લા તરીકે પ્રસિદ્ધ છે. તે જૈનાનું પ્રાચીન તીર્થસ્થાન છે. ત્યાં મંદિર હતું. અત્યારે તેમાં કાંઇ નથી. ત્યાંથી પ્રાચીન જિનમૂર્તિ પરિકરસહિત છે તે ફૈજાબાદના મ્યુઝીયમમાં રાખવામાં આવેલ છે. કોઇ તીર્થોદ્ધારક દાનવીર જાગે અને તીર્થોદ્ધાર કરાવી તે મૂર્તિઓ ત્યાં પધરાવે તો કેવું સારૂં? શું દાનવીર અને ધર્મવીર જૈન સમાજમાંથી કોઇ તીર્થોદ્ધારક મારી આ અપીલ સાંભળશે? અહીં સંભવનાથ પ્રભુનાં ચાર કલ્યાણક થયાં છે. આપણામાંથી ઘણાં ગાય છે "**શ્રાવસ્તિ નગરી ધણીએ**" આવી તીર્થભૂમિ અત્યારે વિચ્છેદ દશામાં હોય એ જૈનો માટે ખાસ કરીને ધર્મભકત જૈન સમાજ માટે તો જરૂર દુઃખ અને શરમાવનારૂં જ કહેવાય.

( —ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા.

લેખકઃ—નરોતમ બી. શાહ

હિંદી સરકાર તરફથી દર દસ વર્ષે જે વસ્તીની ગણતરી કરવામાં આવે છે તેમાં હિંદુસ્તાનમાં વસતી "જૈન" સિવાય દરેક કોમને "હિંદુ" તરીકે ગણીને વસ્તીની ગણતરી કરવામાં આવે છે ત્યારે "જૈનો" માટે ખાસ જૂદા જૂદા કોલમોમાં તેમની આર્થિક તેમજ સાંસારિક અને કેળવણીની સ્થિતિનું અવલોકન કરવામાં આવે છે, છતાં શોચનીય છે કે જૈનો તરફથી વસ્તી ગણુતરીની બાબતને એક શુષ્ક વિષય તરીકે ગણી તેના તરફ બેદરકારી બતાવવામાં આવે છે; પરંતુ આવી વસ્તીની ગણુતરી કેટલું બધું ઉપયોગી કાર્ય રજુ કરે છે તે ઉપર જૈનોનું ધ્યાન ખેંચવા માટે વસ્તી ગણુતરીનો ખાસ ઉલ્લેખ અત્રે કરવામાં આવ્યો છે.

વસ્તી ગણુતરીનો હેતુ એકલો સામાજિક બળનો નિશ્ચિત રીતે સંખ્યા-બળથી એકમથી લાખ સુધીની સંખ્યા ગણુવી એટલો જ ફક્ત નથી, પરંતુ સમાજ વ્યવસ્થામાં જ્યારે જ્યારે કાળને અનુસરીને કાંઇ પણુ નવીન પરિવર્તન થવાનું હોય છે તેવા સમયે સંખ્યાબળની દ્રષ્ટિએ કાંઇ પણ કોમના ભાવી ઉદય માટે, તેમાં કોઈપણુ જાતનું બીનઉપયોગી અને હાનિકારક તત્ત્વ દાખલ થઇ ન જાય તે કાળજી રાખવા માટે તપાસ કરી કોમની પરિસ્થિતિનો અભ્યાસ કરવો તે પણુ આવશ્યક વસ્તુ થઇ પડે તેટલા માટે છે. આ ઉપરાંત આ સિદ્ધાંતમાં સમાજશાસ્ત્રનો પણુ સમાવેશ થાય છે, કારણુ કે જૈન કોમ પણુ આખી માનવ જાત સાથે સંસ્કૃતિનાં સંધ્યા કાળમાં પ્રવેશતી જાય છે એટલા જ માટે જૈન કોમમાં સમાજવ્યવસ્થા માટે તેના અનેક અંગોને અનેક દ્રષ્ટિએ સુધારવાના હોવાથી આવી જાતની વસ્તી–ગણુનાના અભ્યાસની જરૂર છે.

સને ૧૯૩૧ ની સાલમાં સરકાર તરફથી ગણુવામાં આવેલ છેલ્લા દશ વરસ દરમીઆન થએલ વસ્તી વિષયક દશાનો હેવાલ જે હાલ બહાર પાડવામાં આવેલ છે, તે રિપોર્ટમાંથી આજે જૈન કોમ સન્મુખ "જૈન" વસ્તી સંબંધી ઉલ્લેખ એટલા માટે રજુ કરૂં છું કે જેના ઉપર મનન કરવાથી કોમની સાંસારિક, આર્થિક અને કેળવણી સંબંધી સ્થિતિ ઉપર જાણુવાજોગ અજવાળું પડી શકે. વસ્તીપત્રકમાં રજુ કરવામાં આવતા ગણુતરીના આંકડાઓ, વસ્તી ગણુતરી કરનાર કારકુનોની ભૂલોને લીધે અથવા તો વસ્તીપત્રકમાં ખરી હકીકત "જૈન" તરીકે નોંધાવવાની જૈનોની બે-દરકારીને લીધે કદાચ બરોબર ગણુવામાં ન આવ્યા હોય તેમ બનવાજોગ છે. તેટલાં જ માટે આપણી પોતાની કોમના જૂદા જૂદા ફીરકા તરફથી ખાસ અલાયેદુ વસ્તીપત્રક તૈયાર કરવા જૈન કોમના ત્રણે ફીરકા તરફથી કોઇ પણુ ઉપાયો કરવામાં આવે નહિ ત્યાં સુધી અડસટાઓ અને અટકળો બાંધવાને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તીપત્રકમાં રજુ કરવામાં આવતા સદરહુ આંકડાઓ હાલતુરત તો કોમની ઉપર મુજબની સ્થિતિ સંબંધી અવલોકન કરવા માટે પૂરતા ગણ્યા સિવાય બીજો ઉપાય નથી.

જૈન વસ્તીનો ઉલ્લેખ કરતાં Imperial Census Report વસ્તીપત્રકમાં દર્શાવેલ આખા હિંદુસ્તાનની જૈન વસ્તીનો તેમજ મુંબઇ ઇલાકો, ગ્વાલીઅર અને રજપુતાના સ્ટેટને લગતી જૈન વસ્તીના આંકડાઓ સદરહુ રિપોર્ટમાં રજુ કરવા ઇરાદો રાખેલો છે; કારણ કે તેને લગતા આંકડાઓનું વર્ણન વસ્તી પત્રકમાં વિગતે અપાએલ છે, આ ઉપરાંત બધા પ્રાંતોને લગતી આવી બાબતોનું વર્ણન વિસ્તારપૂર્વક કરવામાં આવે તો ઘણું જ જાણવાનું મળી શકે; પરંતુ તેવું કામ કરવા સારૂં અને ઉપયોગી આંકડાઓ બહાર આણવા સારૂ મારી જેવી એકાદ વ્યકિત કરતાં વધારે માણસોની, દ્રવ્યની તેમજ વખતના પૂરતા ભોગની આવશ્યકતા હોવાથી હાલતુરત ઉપર દર્શાવેલ પ્રાંતોને લગતી હકીકત રજુ કરી શકાય તેમ છે. સ્થલ અને વખતના સંકોચને લીધે પ્રાંતિક હકીકત વિસ્તારપૂર્વક જણાવવા બની શકયું નથી. વસ્તીપત્રક ઉપર અવલોકન કરતાં પારસી, હિંદુ, ક્રીશ્ચીઅન અને મુસલમાન જેવી કોમો વસ્તિનો અમુક ટકા વધારો બતાવે છે ત્યારે જૈનો પોતાના અનુયાયીઓને બીજા ધર્મમાં ભળી જતા વસ્તીપત્રક ઉપરથી જોઇ શકે છે તે ખરેખર દિલગીરી ઉપજાવે તેવું છે. જૂદા જૂદા ધર્મ-વાળાનું સંખ્યાબળ ધરાવતા એક જ દેશની અંદર, દરેક ધર્મવાળાની વસ્તીનું બળ, તે ધર્મના અસ્તિત્વ માટે કેટલું બધું ઉપયોગી અને જરૂરીઆતવાળું છે તે ઉપર આ રિપોર્ટ વાંચનારાઓનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

( હિંદુસ્તાનની જમીનનું ક્ષેત્રફળ ૧૮૦૮૬૭૯ સમચોરસ માઇલ છે. તેમાં કુલ્લે વસ્તી ૩૫૦૫૨૯૫૫૭ માણસોની છે અને જૈન ધર્મ પાળનારી વસ્તી કુલે ૧૨૫૨૧૦૫ માણસોની છે. )

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | હિંદુ | વસ્તી | ૨૩,૬૧,૯૫,૧૪૦ | માણસોની છે. |
| ,, | મુસલમાન | ,, | ૭,૭૬,૭૭,૫૪૫ | ,, |
| ,, | બુદ્ધીસ્ટ | ,, | ૧,૨૭,૮૬,૮૦૬ | ,, |
| ,, | ક્રીશ્ચીઅન | ,, | ૬૨,૯૬,૭૬૩ | ,, |
| ,, | શિખો | ,, | ૪૩,૩૫,૭૭૧ | ,, |
| ,, | જૈન | ,, | ૧૨,૫૨,૧૦૫ | ,, |

બાકીની વસ્તીમાં જુદી જુદી જાતોનો સમાવેશ થાય છે. હિંદુસ્તાનની કુલે વસ્તી પાંત્રીશ કરોડની છે અને હિંદુસ્તાનમાં બીજી કોમોની ઉપર દર્શાવેલ વસ્તીના પ્રમાણમાં જૈનોનું સંખ્યાબળ કેટલુ બધું ઓછું છે તે ઉપર જૈન પ્રજાનું ધ્યાન ખેંચવામાં આવે છે. તેના વિગતવાર આંકડાના કોઠા હવે પછી આપવામાં આવશે.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મચિંતન.

એકાંત સ્થળમાં બેસી બેઘડી શાંતિથી વિચાર કરતાં જ્ઞાની મહાત્માઓએ આ સંસારની જે અસારતા ઉપદેશેલી છે તે અવશ્ય સાચી લાગે છે. તરત જ મનમાં થઇ આવે છે કે હવેથી માત્ર આત્મ કલ્યાણકર બાબતોમાં જ રકત રહું, સંસારવૃદ્ધિકર કામોમાં મુદ્દલ હાથ ન નાખું; પણ આ ભાવનાનું આયુષ્ય ઘણું થોડું જ હોય છે! જ્યાં કોઇનો પ્રવેશ થયો કિંવા કોઇ સંસાર સંબંધી પ્રશ્ન ખડો થયો કે આત્મવિચારણા બાજુ પર હડસેલાય છે.

તો પછી સહજ પ્રશ્ન ઉદ્ભવશે કે આત્મજાગૃતિ વહેતી રાખવા શું ઉપાયો કારગત કરવા?

સંસાર ત્યજી દઇ સાચું ત્યાગી જીવન ગાળવું એ એક જુદો જ પ્રશ્ન છે. અહીં તો દિવસની સાઠ ઘડીમાંથી બે ઘડી માંડ કહાડી આત્મા સંબંધે વિચારણા કરવાની વાત છે. આ વેળા એક આંગ્લ કવિની નિમ્ન લીંટીઓ યાદ આવે છે.—Lives of the great men all remind us, We can make our lives sublime. અર્થાત્ મ્હોટા પુરૂષોના જીવન વિચારવા અને આપણા જીવનને એ રસ્તે દોરવા સતત ઉદ્યમશીલ રહેવું એ એનો ભાવ છે. महाजनो येन गतः स पन्थाः એ વાકયનો આપણા ઘરનું જ છે. બૃહત્ શાન્તિમાં કયાં આપણે નથી એનો ઉચ્ચાર કરતાં?

તાત્પર્ય એટલું જ કે અધ્યાત્મ માર્ગે વિહરવાની પ્રબળ ઇચ્છા ઉદ્ભવતી હોય તો માત્ર 'આ ખોટું છે તે ખોટું છે.' એવી અલ્પકાલીન ચિંતવના કરવી અને થોડા સમય બાદ 'એ છીણીને એ હથોડો' એટલે કે પુનઃ વ્યવસાયમાં લીન થવા કરતાં ભલેને અલ્પકાળ માટે નિવૃત્તિ હોય, પણ એ પળો દરમીયાન એકાદા મહાત્માનું ચરિત્ર વિચારવું અને એમાંથી કંઇ ને કંઈ એવું શિક્ષણ ગ્રહણ કરી લેવું કે જે આપણો જીવનપંથ ઉજાળવા કામ આવે જેમ દીવાદાંડી વહાણને ખરાબે ચઢતાં બચાવે છે તેમ મહાપુરૂષોના જીવનસંસારની આંટીઘુંટીથી ભરેલા ખરાબાઓથી અનુસરનાર આત્માઓનું રક્ષણ કરે છે; ને જીવન કેવા ચીલા પર લઇ જવું તેનો નિર્દેશ કરી દેખાડે છે. અધ્યાત્મ વિષયમાં પ્રવેશવા સારૂ જીવનચરિત્રોનું વાંચન એ પ્રાથમિક ભૂમિકા રૂપ છે.

જૈનશાસનમાં ઘણા પ્રભાવિક પુરૂષો થઇ ગયાં છે. ભરતેશ્વર બાહુબળિવૃત્તિમાં એમાંના ઘણાખરાના આલેખન છે. એ માંહેલા પુરૂષ પાત્રો લઇએ તો તે બધાને નિમ્નલિખિત ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧ ) પ્રભુશ્રી વીરના સમયપૂર્વે થયેલાં.
( ૨ ) પ્રભુશ્રી વીરના સમયમાં થયેલાં.
( ૩ ) પ્રભુશ્રી વીરના સમય પછી થયેલાં.

એમાંથી પસંદગી કરવાનું કામ તો વાંચકની વૃત્તિપર જ રહેવાનું. કોઇને જુના-લાંબા સમય પૂર્વે બનેલાં બનાવો પ્રતિ વધુ પ્રેમ જન્મે તો અન્યને આપણા સમયની નજીકના કાળમાં થઇ ગયેલા મહાત્માઓના જીવન તરફ લાગણી ઉદ્ભવે.

છતાં એટલું તો ઉલ્લેખી શકાય કે એ કથાનકોમાં દરેક જાતના જીવન-સૂત્રો ગુંથાયલા છે. જેમ ક્ષાત્રવૃત્તિ દાખવનારા અને સ્વશૌર્યથી ધરણીને ધ્રુજાવનારા રાજકુમારોના જીવનો એમાં દ્રષ્ટિગોચર થાય છે તેમ કરોડાના વ્યવસાયમાં કાર્યદક્ષતા દેખાડનાર વ્યવહારિયાના પણ નજરે ચઢે છે. સમજવાની વાત તો એટલી જ છે કે પ્રસંગ ઉપસ્થિત થતાં કિંવા એકાદિ વિલક્ષણ ક્ષણ પ્રાપ્ત થતાં એ આત્માઓએ બધી દુન્યવી મોહિનીને, સાપ જેમ કાંચલીને તજી દે છે તેમ, નિમેષ માત્રમાં કેવી ફગાવી દે છે ? ધર્મ પ્રત્યેનું બહુમાન અહીં જ જણાઇ આવે છે. ' કર્મે શુરા તે ધર્મે શુરા ' જેવા પદમાં રહેલું રહસ્ય ત્યારે જ સમજાય છે.

વર્તમાન કાળમાં પણ આપણે જરૂર એ પ્રકારનું કિંવા એથી ઉતરતા પ્રકારનું જીવન અવશ્ય જીવી શકીએ. આત્મચિંતન કરતાં આ વાત નિશ્ચિત કરવાની જરૂર છે. ઉપર વર્ણવ્યા તેવા કથાનકોના વાંચન–મનન કે અવધારણ પરથી તારવણી એટલી જ કરવાની છે. જરૂર માત્ર દ્રઢ સંકલ્પની છે. મોટા પુરૂષો જન્મતાં નથી પણ સંયોગોથી બને છે એ વાત લગીર પણ ભૂલવી ન જોઇએ. એ સંયોગો પકડવા તરફ દત્તચિત્ત રખાય તો આત્મચિંતન આજે પણ ફળદાયી નીવડી શકે છે.

ઘણા એવા પુરૂષો આજે પણ જોવામાં આવે છે કે જેઓ ધારે તો સંસારના ઉપાધિમય જીવનમાંથી હાથ ઉઠાવી લઇ કયાં તો સમાજના કિંવા ધર્મના અગર તો માત્ર આત્મકલ્યાણના પંથે સ્વજીવનના બાકી રહેલા વર્ષો વ્યતીત કરી ભાવિ પ્રજા સામે આદર્શ મૂકતા જઇ શકે: પણ એ કાર્ય તો ત્યારે જ બને કે જીવનની દિશા બદલાય. માત્ર જીંદગી સુધી કયાં તો ધન કમાવામાં રત રહેવાથી કે મસ્તકના કેશ કૃષ્ણતા છોડી શ્વેતતા ધર્યા છતાં ગ્રહણ કરેલા વ્યવસાયમાં ખુંચી રહેવાથી તેમ ન જ બની શકે. આત્મચિંતન કરતાં આ મૂળ મુદ્દાને વિસરવો જોઇતો નથી. આવા પ્રકારનું જીવન જીવતા પ્રો. હરમન જેકોબી આદિ કેટલાંયે યુરોપીય દેશોમાં વસનાર પુરૂષોના નામ આપણે સાંભળ્યા છે પણ ભારતના જૈન સમાજમાં કેટલા છે ?

લે. **ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવક આચાર

( ગતાંક પૃષ્ટ ૧૬૦ શરૂ )

ભોજનવિધિ ગયા અંકમાં બતાવ્યા પછી જૈન ગૃહસ્થ પોતાની ગૃહલક્ષ્મી–ઘરશોભાને જોતો, વિદ્વાનોની વાર્તાલાપમાં તત્પર રહેતાં પોતના પુત્રાદિ પરિવારને હિતશિક્ષા આપતો બેઘડી સુખે સ્થિરતા કરે. ગુણનો સમૂહ આત્માને પોતાને આધિન છે અને ધન–વૈભવાદિક દૈવ–ભાગ્યને આધીન છે એમ સત્ય તત્ત્વને જાણનાર પુરૂષો ગુણથી કદિ ભ્રષ્ટ ન થાય; કારણ કે જાતિ કુળહીન મનુષ્ય પણ ગુણોવડે ઉત્તમતા પામે છે. કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે છતાં લોકો મસ્તકે ધારણ કરે છે અને કાદવ પગવડે ખુંદાય છે; ઉત્તમ મનુષ્યોની ખાણ હોતી નથી તેમજ એવું કુળ પણ હોતું નથી. સ્વભાવે બધા મનુષ્યો જ છતાં જ ગુણવંત મનુષ્યો જ જગતને વંદનીય થયા છે. શાસ્ત્રમાં સત્ત્વાદિ ગુણ યુક્ત પુરૂષ રાજ્યને યોગ્ય છે એમ કહેલ છે, તેમ એકવીશ ગુણ યુક્ત મનુષ્ય ( શ્રાવક ) ધર્મને યોગ્ય બને છે. પવિત્ર ધર્મની પ્રાપ્તિ જે એકવીશ ગુણોથી થાય છે તે એકવીશ ગુણ આ છે– ૧ અક્ષુદ્ર હૃદયવાળો–પરાયાછિદ્ર ન જોતાં ગુણ ગ્રહણ કરવાનું બને. ૨ સૌમ્ય પ્રકૃતિ–વાણીની મીઠાશ જેથી સૌને શાંતિ ઉપજે, ૩ રૂપવાન્–શરીર આરોગ્ય અને સુંદર, ૪ જનવલ્લભ–પરોપકારી પણાથી સૌને પ્રિય, ૫ અક્રૂર–મૃદુ તથા કોમલ હૃદય રાખે, ૬ ભવભીરૂ–પાપ અને પરભવથી ડરે, અકાર્ય કરતાં પાછો હઠે, ૭ અશઠ –નિષ્કપટપણું, ૮ દાક્ષિણ્યવાન–પોતાની ઈચ્છા નહિં છતાં પરનું સંપાદન થઈ શકે તેવી નિર્દોષ દાક્ષિણ્યતા, ૯ લજ્જાળુ–અદબ–મર્યાદાપણું, ૧૦ દયાળુ–પરનું દુઃખ જોઇ હૃદય દ્રવે અનુકંપા, ૧૧ મધ્યસ્થપણું–નિષ્પક્ષપાતપણે તોલન-શક્તિ, ૧૨ સૌમ્ય વૃષ્ટિવાળો–સૌપર અમીદૃષ્ટિ સમભાવ પણું, ૧૨ ગુણાનુરાગી –સદ્‌ગુણી કે સદ્‌ગુણી ઉપર પ્રેમ, ૧૪ સત્કથક–વિકથા નહિં કરતાં સત્પુરૂષોનાં ચરિત્રોનું કથન કરે, ૧૫ સારા પક્ષવાળો–ધર્મીષ્ટ કુટુંબવાળો કે જેથી પરાભવ ન પામે, ૧૬ દીર્ઘદર્શી–હિતાહિતનો વિચાર કરી કાર્ય કરનાર–સાહસ નહિ કરનાર, ૧૭ વૃદ્ધાનુગામી–શિષ્ટ પુરૂષોને અનુસરીને ચાલવાની નિરભિમાની વૃત્તિ, ૧૮ વિનીત–વિનયવાન, ૧૯ કૃતજ્ઞ–અન્યે કરેલા ગુણને જાણનાર–બદલો વાળનાર, ૨૦ પરહિતકારી–પરનો ઉદ્ધાર કરવાની તત્પરતા, ૨૧ લબ્ધલક્ષ–કોઇ પણ કાર્યને સરલ રીતે સાધી શકે તેવી કાર્યદક્ષતા. એવા એકવીશ ગુણોને લઇ મનુષ્ય ધર્મ-રત્ન પ્રાપ્ત કરી શકે છે. સુજ્ઞ શ્રાવકે પ્રાયઃ રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભોજ-નની કથાનો ત્યાગ કરવો. તેનાથી કાંઇ કામ સરતું નથી, ઉલટું અનર્થ થવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભવ રહે છે. સુબંધુઓ અને સુમિત્રો સાથે પરસ્પર ધર્મકથા કરવા તેમજ શાસ્ત્રાર્થ જાણુ એવા વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થના તત્ત્વનો વિચાર કરવો. જેમની સોબતથી પાપબુદ્ધિ ઉત્પન્ન થાય, તેવા પુરૂષની સોબત કરવી નહિ, તેમજ મન, શરીર કે વચનથી પણ ન્યાય અને પ્રમાણિકપણાનો કદિ ત્યાગ ન કરવો. ઉત્તમ મનુષ્યે કોઇના અવર્ણવાદ ન બોલવા, સત્ય જાણ્યા વિના કે નજરે દેખ્યા વિના કોઇ પણ વાત જાહેરમાં ન ઉચ્ચારવી, અને કદિ કોઇને હાનિ પહોંચે તેવી વાત કદિ પણ જાહેરમાં ન બોલવી. વિશેષે કરીને માબાપ, ગુરૂ, શેઠ, ઉપરી કે રાજાદિકના અવર્ણવાદ તો નજ બોલવા.

( ચાલુ )

# સત્યજ્ઞાન

( ગઝલ )

અંતરમેં શોચે નહીં, નરભવ લીયા તો કયા હુઆ?—એ ચાલ.

ૐકાર મંત્રકા જપ કરે, કયા ઉનકો તું અનુસરે;<br>
બ્રહ્મચર્ય વિના માળા કરે, બ્રાહ્મણ હુઆ તો કયા હુઆ? (૧)

મિથ્યા મુંડા કે બેઠ ગયા, ઉનકા તત્ત્વકું સમજા નહીં;<br>
હરણ રોઝ અજ સમ તું, સાધુ હુઆ તો કયા હુઆ? (૨)

જઇ વસે તું અરણ્યમેં, મુનિકા નામ ધરાય કે;<br>
મુનિ તત્ત્વકું સમજ્યા વિનું, મુનિ હુઆ તો કયા હુઆ? (૩)

વલ્કલ વસ્ત્રકુ ધારકે, અંગપે ભભૂતિ લગાય કે;<br>
વિવેક જ્ઞાન પરખ્યા વિનું, તાપસ હુઆ તો કયા હુઆ? (૪)

અંતરકા મેલ ગયા નહીં, પ્રપંચસે ભરા હુઆ;<br>
તિનકા કશું શોચ નહીં, સંમેલન હુઆ તો કયા હુઆ. (૫)

શુદ્ધ જ્ઞાન ક્રિયા તત્ત્વ ફળ, ત્રિક યોગ આત્મલબ્ધિ કરે;<br>
વિવિધ પદવીકું પાયકે, અસત્ હિંમતસે કયા હુઆ? (૬)

—મુનિ શ્રી લબ્ધિવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શિલ્પના બે જૈન ગ્રંથો

ભારતદેશ અનેક વિદ્યાનો ખજાનો છે. અહિં પૂર્વકાલમાં અનેક વિશિષ્ટ પુરૂષોદ્વારા અનેકવિધ વિદ્યાનો પ્રાદુર્ભાવ થયો છે. તે પ્રાદુર્ભાવનો કાળ ઘણો જુનો છે. આજે ઇતિહાસકારો તે કાળને નિશ્ચિત કરવા મથી રહ્યા છે. થોડા વર્ષો પહેલાં ભારતીય સભ્યતા અને વિદ્યાકળાનો કાળ વધારેમાં વધારે આજથી ૩૦૦૦ વર્ષ પૂર્વે મનાતો, પરન્તુ **મોહન જોડારો હરપ્પા, અને તક્ષશિલાની** નવી શોધોથી તે માન્યતા આજે સાવ ખોટી પડી જણાય છે. હવે આજથી પાંચ કે છ હજાર વર્ષ પૂર્વે આપણે ત્યાં વિદ્યા અને શિલ્પાદિ કળા પૂર્ણ વિકસિત હતી એમ માનવામાં અનેક પ્રમાણો સાક્ષી પૂરે છે. **મોહન જોડારો**ના વ્યસ્થિત અને સુંદર મકાનો, મહેલો, તળાવોની રચના, નગરનિર્માણવ્યવસ્થા, સિક્કા, મૂર્તિ અને માટી વિગેરેના પાત્રો જોવાથી તે વાત સ્વીકારવામાં કશી શંકા રહેતી નથી.

આપણે ત્યાં બીજી કળાઓની જેમ શિલ્પકળા પણ લાંબા કાળથી વિકસિત થએલી હતી. આજે **અમેરિકા** જેવા સુધરેલ દેશમાં નગર અને ગૃહ નિર્માણ કળા જે વિકાસને પહોંચી છે તેટલી વિકસિત દશા આપણા ભારતમાં પાંચ હજાર વર્ષ પૂર્વે હતી. આ વિષયના અનેક ગ્રંથો આપણે ત્યાં હતા તેના અનેક દાખલા મળતા જાય છે. સાંપ્રદાયિક દ્વેષ કે અજ્ઞાનતાને લીધે આપણો સાહિત્ય વારસો ઘણોખરો નષ્ટપ્રાય થઇ ગયો છે અને થઇ રહ્યો છે. તેમાં શિલ્પવિષયક સાહિત્યની તરફ તો વધુ ઉપેક્ષાવૃત્તિ અને અજ્ઞાનતા હોવાથી તે સાહિત્યના **પ્રાસાદમંડન, રૂપમંડન, રાજવલ્લભ, શિલ્પદીપક, સમરાંગણ** અને **મયમત** જેવા થોડા જ ગ્રંથો બચ્યા છે. તેમાં જૈનોના તો તે કરતાંયે થોડા ગ્રંથો ઉપલબ્ધ છે.

જૈનોનો સાહિત્યના તમામ ક્ષેત્રોમાં આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવો ફાળો છે. અનેક કારણોથી ઘણું સાહિત્ય નષ્ટ થયા પછી પણ હજુયે **જૈનભંડારો** વિવિધ પ્રકારના સાહિત્યથી છલકી રહ્યા છે. અત્યારે જૈન સાધુ કે ગૃહસ્થોમાં શિલ્પવિષયક જ્ઞાન નહિ જેવું છે. શ્રીમાન્ જયમુનિજી આચાર્ય આ વિષયનું સારૂં જ્ઞાન ધરાવે છે એમ સંભળાય છે. તેઓ અને પં૦ **ભગવાનદાસજી** (જયપુરવાળા) સિવાય કોઇ જૈને આ વિષયમાં વર્તમાનમાં ઉલ્લેખનીય ખ્યાતિ મેળવી હોય તેવું જણાતું નથી.

હજુ સુધી કોઇ પણ જૈન વિદ્વાન્ નો બનાવેલ ખાસ પ્રાચીન શિલ્પગ્રંથ પ્રકાશિત થયો નથી. મને જણાવતા હર્ષ થાય છે કે હમણાં **શિલ્પના બે જૈન ગ્રંથો** ભંડારોમાંથી મળ્યા છે. તે બન્ને મહત્વના અને છસોથી વધારે વર્ષો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાના છે. આ ગ્રંથો શિલ્પજ્ઞો માટે સહાયક નિવડે તેવા છે. હજુ સુધી તે ક્યાંઇ છપાયા નથી. આ બે ગ્રંથોનો ટુંક પરિચય હું પાઠકોને કરાવવા માગું છું. આ બેમાં એકનું નામ વત્થુસારપયરણં અને બીજાનું નામ પ્રતિષ્ઠાસાર છે.

## " सिरिवत्थुसारपयरणं "

**मंगलाचरणम्—**

संयलसुरासुरविंदं दंसणवण्णाणुगं पणमिऊणं ।
गेहाइवत्थुसारं संखेवेणं भणिस्सामि ॥ १ ॥

.... .... ... .... .... .... ....

**द्वारगाथा—**

इगवन्नसयं च गिहे बिंबपरिक्खस्स गाह तेवन्ना ।
तह सत्तरि पासाए दुग्गसय चउहुत्तरा सव्वे ॥

.... .... .... .... .... .... ....

**भूमिपरीक्षा—**

चउवीसंगुलभूमी खणेवि पूरिज्ज पुणवि सा गत्ता ।
तेणेव मट्टियाए हीणाहियसमफला नेया ॥

.... .... .... ... ... .... ....

ભૂમિપરીક્ષાની ગાથા પછી વર્ણસદૃશભૂમી, દિક્‌સાધન, ભૂમિસાધન, અષ્ટમાંશ સ્થાપના, ભૂમિલક્ષણફળ વિગેરે ઘણા વિષયો છે.

**મૂર્તિ નિર્માણ વિષેઃ—**

पडिमा रउद्द जा सा करावयं हंति सिप्पिअहियंगा ।
दुब्बळ दव्वविणासा किसोअरा दुब्भिक्खं ॥ ५० ॥
उड्ढमुखी धणनासा अप्पूया तिरिअदिट्ठिअ [ =दिट्ठी? ] विन्नेया ।
अइघट्टा दिट्ठि असुहा हवइ अहोदिट्ठि विग्घकरा ॥ ५१ ॥

.... .... .... .... .... ... ....
.... .... ... .... .... .... ....

---

१ આ પ્રાકૃત ગાથાઓનો અનુવાદ આગળ આપવામાં આવશે. આદર્શમાં મૂળ ગાથાઓ જેવી જોઇએ તેવી અહિં લખી છે. કંઇ પણ ફેરફાર–સુધારો કર્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દેવ-દેવીની મૂર્તિ અને ચિત્રોના શસ્ત્રો વિષેઃ—**

**चउभवसुराण आयुह हवंति केसंतउप्परे जइ ता ।**
**करणकरावणथप्पण-हराण पाणदेसहजा [ =हरा ? ] ॥ ५२ ॥**

**બિંબ પરીક્ષા પ્રકરણની છેલ્લી બે ગાથાઃ—**

**चउवीसजिण, नव ग्गह, जोइणि चउसट्ठि, वीर बावन्ना ।**
**चउवीस जक्खजक्खिणि, दह दिहवइ, सोलस विज्जुसुरी ॥ ५३ ॥**
**नव नाह, सिद्ध चुलसी, हरिहरबंभिददाणवाईणं ।**
**वण्णंक नाम आयुह, वित्थर गंथाउ जाणिज्जा ॥ ५४ ॥**

**इति परमजैनश्रीचंद्रांगजठक्कुरफेरुविरचिते वास्तुसारे बिंबपरीक्षा-प्रकरणं द्वितीयम् ॥**

## ત્રીજું પ્રકરણ.

**પ્રાસાદ નિર્માણ વિધિઃ—**

**भणिय गिहलक्खणाइं बिंबपरिक्खाइसयलगुणदोसं ।**
**संपइ पासायविही संखेवेणं णिसामेह ॥ १ ॥**

તે પછી પ્રાસાદપીઠમાન, પીઠસ્વરૂપ વિગેરે વિષયો છે. **પ્રાસાદ ( મંદિર ) ના ૨૫ પ્રકાર બતાવવામાં આવ્યા છે.** તે નામો આ પ્રમાણે આ ગ્રંથમાં ક્રમશઃ આપ્યા છેઃ—

૧ કેશરી, ૨ સર્વતોભદ્ર, ૩ સુનંદન, ૪ નંદિશાલ, ૫ નંદીશ, ૬ મંદિર, ૭ શ્રીવત્સ, ૮ અમૃતોદ્ભવ, ૯ હેમવંત, ૧૦ હિમકૂટ, ૧૧ કૈલાશ, ૧૨ પૃથ્વીજય, ૧૩ ઇન્દ્રનીલ, ૧૪ મહાનીલ, ૧૫ ભૂધર, ૧૬ રત્નકૂટ, ૧૭ વૈડુર્ય, ૧૮ પદ્મરાગ, ૧૯ વજ્રાંક, ૨૦ મુકુટોજ્વલ, ૨૧ ઐરાવત, ૨૨ રાયહંસ, ૨૩ ગરુડ, ૨૪ વૃષભ, ૨૫ મેરૂ.

**प्रशस्तिः—**

**सिरिधंधकलसकुलसंभवेण चन्दासुएण फेरेण ।**
**कन्नाणपुरठिएण य निरिक्खिउं पुव्वसत्थाइं ॥ ६९ ॥**
**सपरोपगारहेऊ नयणमुणिरामचंदवरिसम्मि ।**
**विजयदसमीइ रइअं गिहवडिमालक्खणाईणं ॥ ७० ॥**

**इति परमजैनश्रीचन्द्रांगजठक्कुरफेरुविरचिते वास्तुसारे प्रासादविधि-प्रकरणं तृतीयम् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રીવાસ્તુસાર પ્રકરણનો ભાવાર્થ.

**મંગલાચરણ** (૧)

સમ્યગ્દર્શનાદિને અનુસરનાર સકળસુર (દેવ) અને અસુરો (દાનવો)ના સમૂહને નમન કરી, મકાન (ઘર) આદિને બનાવવાની તાત્ત્વિક વિધિ સંક્ષેપમાં કહીશ.

**દ્વારગાથાઃ** (૨)

આ ગ્રંથમાં ગૃહનિર્માણ વિધિની ૧૫૧, બિંબ (મૂર્તિ) પરીક્ષા પ્રકરણની ૫૩ અને મંદિર બનાવવાની કળાની ૭૦ મળી કુલ ૨૭૪ ગાથા છે.

**ભૂમિપરીક્ષાઃ—** (૩)

ચોવીસ આંગલ ભૂમિને ખોદી ફરી તે જ માટીથી પૂરવી (તે ખાડાને ભરવો). ખાડો ભરતાં જો તે અધૂરો રહે તો હીન ફલ થાય, માટી વધે તો અધિક (સારૂં) ફલ થાય અને બરાબર થાય તો મધ્યમ ફલ થાય.

**મૂર્તિનિર્માણ વિષેઃ—** (૪)

મૂર્ત્તિ રૌદ્ર–ભયંકર આકારની હોય તો મૂર્ત્તિ કરાવનારનો નાશ કરે, અધિક (શાસ્ત્રોકત અંગ પ્રમાણ કરતાં વધુ) અંગવાળી હોય તો શિલ્પનો નાશ કરે, દુર્બલ હોય તો દ્રવ્યનો નાશ કરે અને પાતળા પેટવાળી હોય તો દુષ્કાળ કરે. ૫૦

(૫)

મૂર્તિનું મુખ ઉંચું હોય તો ધનનો નાશ કરે, આડી દૃષ્ટિ હોય તો ભવિષ્યમાં અપૂજ્ય રહે, અતિ ગાઢ દૃષ્ટિ હોય તો અશુભ થાય અને નીચી દૃષ્ટિ હોય તો વિઘ્નકારી નિવડે. ૫૧

**મૂર્તિ–ચિત્રના શસ્ત્ર વિનિવેશ વિષેઃ**–(૬)

ચારે જાતિ (વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક અને ભવનપતિ)ના દેવોના શસ્ત્રો મૂર્તિ કે ચિત્રમાં જો માથાના કેશ કરતા ઉપર–ઉંચા હોય તો તે મૂર્તિ કે ચિત્રને કરનાર, કરાવનાર અને સ્થાપન કરનાર આ ત્રણેના પ્રાણનો નાશ કરે અને દેશને હાનિ પહોંચાડે. ૫૨

(૭–૮)

ચોવીશ તીર્થંકર, નવ ગ્રહ, ૬૪ યોગિની, ૫૨ વીર, ૨૪ યક્ષ અને ૨૪ યક્ષિણી, દશ દિક્પાલ, ૧૬ વિદ્યાદેવી, ૯ નાથ, ૮૪ સિદ્ધ, હરિ, હર, બ્રહ્મા, ઇન્દ્ર, દાનવ વિગેરેના વર્ણ (શરીરનો રંગ), ચિહ્ન, નામ, શસ્ત્રોના સબંધીમાં આકર–મ્હોટા ગ્રંથોથી જાણી લેવું. ૫૩–૫૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રાસાદનિર્માણ વિધિઃ—** (૯)

ગૃહ (ઘરના લક્ષણો કહીને, બિંબપરીક્ષા વિષે સમસ્ત ગુણ–દોષોનું નિરૂપણ કરીને હવે પ્રાસાદ એટલે મંદિર બનાવવાની વિધિને સંક્ષેપથી કહું તે સાંભળો.

**પ્રશસ્તિ—** (૧૦–૧૧)

શ્રી **ધંધકુલશ** કુળમાં ઉત્પન્ન થએલ, **કન્નાણપુર** ગામના નિવાસી **ચંદાના પુત્ર ફેરૂ** નામના વિદ્વાને પૂર્વના શાસ્ત્રો જોઇને–વાંચીને પોતાના અને પરના ઉપકારને માટે ૧૩૭૨ વર્ષે **વિજયાદશમીના** દિવસે ઘર મૂર્તિ વગેરેના લક્ષણોનો આ ગ્રંથ બનાવ્યો છે. ૬૯–૭૦

આ પ્રમાણે **પરમ જૈન શ્રી ચંદાના પુત્ર ઠક્કરફેરૂએ** બનાવેલ **વાસ્તુસાર ગ્રંથમાં** પ્રાસાદ વિધિ ત્રીજું પ્રકરણ પૂરૂં થયું.*

## वसुनंदिकृतप्रतिष्ठासार.

આ વિષયનો બીજો ગ્રંથ **પ્રતિષ્ઠાસાર** છે. આ ગ્રંથ સંસ્કૃતમાં છે. તીર્થંકર, યક્ષયક્ષિણી આદિ દેવોની મૂર્તિઓ અને મંદિરો બનાવવા વિષે સંક્ષેપમાં આ ગ્રંથ સારો પ્રકાશ પાડે છે. મૂહુર્ત્ત વિષયમાં પણ ચોથા અને પાંચમા પરિચ્છેદમાં દિગ્દર્શન કરાવ્યું છે. એના થોડા [1]શ્લોકો ટાંકીશું:—

**પ્રારંભનો ભાગ—**

( १ )

सिद्धं सिद्धात्मसद्भावं विशुद्धज्ञानदर्शनम् ।
सिद्धश्रुतप्रमाणैस्तु निरस्तपरदर्शनम् ॥

( २ )

विश्वकर्मार्थिलोकस्य विश्वकर्मोपदेशकम् ।
विश्वकर्मक्षयार्थिभ्यो विश्वकर्मक्षयप्रदम् ॥

( ३ )

आदिदेवं जिनं नत्वा विश्वकर्मजयप्रभुम् ।
शेषाँश्च वर्धमानान्तान् जिनान् प्रवचनं गुरून् ॥

( ४ )

विद्यानुवादसत्सूत्राद् वागूदेवीकल्पतस्तथा ।
चन्द्रप्रज्ञप्तिसंज्ञाच्च सूर्यप्रज्ञप्तिग्रन्थतः ॥

* આ ગ્રંથની આલોચના આગળ કરવામાં આવશે. ૧ આ ચંદ્રપ્રજ્ઞપ્તિ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ५ )

तथा महापुराणार्थात् श्रावकाध्ययनश्रुतात् ।
सारं संगृह्य वच्येऽहं प्रतिष्ठासारसंग्रहम् ॥

પરિચ્છેદ ૧

ચોથા પરિચ્છેદનો અંતિમ ભાગઃ—

( २५१ )

ज्ञात्वैवं कारयज्जैनीं प्रतिमां दोषवर्जिताम् ।
सामान्येनेदमाख्यातं प्रतिमालक्षणं मया ॥

( २५२ )

विशेषतः पुनर्ज्ञेयं श्रावकाध्ययनात् स्फुटम् ।
एवं समासतः प्रोक्तं प्रतिमालक्षणं मया ॥

इति श्रीवसुनंदिविरचिते प्रतिष्ठासारसंग्रहे चतुर्थः परिच्छेदः ॥

પાંચમા પરિચ્છેદનો અંતિમ ભાગઃ—

## इति श्रीसैद्धान्तिकवसुनन्दिविरचिते प्रतिष्ठासारसंग्रहे पञ्चमः परिच्छेदः ॥

### આલોચના.

વત્થુસારપયરણ—

પહેલો ગ્રંથ **વત્થુસારપયરણ** (વાસ્તુસાર પ્રકરણ) છે. આ ગ્રંથમાં સહુ પહેલાં મંગલાચરણ કરી દ્વારગાથા લખી છે. આમાં **ત્રણ પ્રકરણો** પાડવામાં આવ્યા છે. પહેલું **ગૃહ પ્રકરણ** છે, આમાં ઘર કેમ બનાવવું? તે વિષે ટુંકમાં મહત્ત્વની ચર્ચા કરી છે, જે વર્તમાનમાં પણ શિલ્પશાસ્ત્રીઓને કદાચ ઉપયોગી નિવડે તેમ છે. બીજા પ્રકરણમાં **બિંબપરીક્ષા** છે. મૂર્તિ કેવી બનાવવી? તેના અંગ-પ્રત્યંગોનું માપ કેવડું રાખવું? શસ્ત્રાદિ કેવી રીતે અને કેવા રાખવા? તે વિષે પણ ઉલ્લેખ કર્યો છે. ત્રીજું **પ્રાસાદ પ્રકરણ** છે. આ પ્રકરણમાં મંદિરો બનાવવા વિષે શિલ્પશાસ્ત્રીની પરિપાટી બતાવી છે. પહેલામાં **૧૫૧** મૂલ ગાથા છે, બીજામાં **૫૩** અને છેલ્લા પ્રકરણમાં ૭૦ ગાથા છે. સંપૂર્ણ

**સૂર્યપ્રજ્ઞપ્તિ** વર્તમાનમાં ઉપલબ્ધ પ્રજ્ઞપ્તિઓ કરતાં જુદી હશે. આ ગ્રંથના કર્તા દિગંબર જૈનમુનિ લાગે છે તેથી અનુમાન થાય છે કે તે નામના શ્વેતાંબરોની જેમ દિગંબર ગ્રંથો પણ હશે. વર્તમાનમાં તે ઉપલબ્ધ થાય તો સારો લાભ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથની કુલ ૨૭૪ ગાથા છે. ભાષા પાકૃત છે. જે કેટલેક સ્થલે ઉપલબ્ધ પ્રાકૃત વ્યાકરણના સંધિ–વિભક્તિ વગેરે નિયમોથી વેગળી પડે છે. આમાં શિલ્પના અનેક વિષયો સંબંધી ઉલ્લેખ છે.

મૂર્તિ અને ચિત્ર બનાવવામાં સૂચના ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે કે **કોઈ પણ મૂર્તિ કે ચિત્રમાં શસ્ત્ર માથાના વાળથી ઉંચું થવું ન જોઇએ,** કેમકે તે અશુભ છે અને ભદ્દું પણ દેખાય છે

ત્રીજા પ્રકરણમાં પ્રાસાદના ૨૪ પ્રકારો બતાવ્યા છે, જે પહેલા ગુજ-રાતીમાં જ હું આપી ચુકયો છું.

આ ગ્રંથના કર્તા શ્રી **ધંધકલશકુલમાં** થએલ **ઠક્કરફેરૂ** છે. તે પોતાનો પરિચય સંક્ષેપમાં આપતાં પ્રશસ્તિમાં લખે છે કે તેની માતા **ચન્દ્રા** હતી. તે **કન્નાણપુરમાં** રહેતો હતો. આ ગ્રંથ લખવા પૂર્વે શિલ્પ વિષયના ઘણા ગ્રંથો ગ્રન્થકારે જોયા છે, અને ઘણા અનુભવ પછી પરોપકાર માટે આ ગ્રંથ લખ્યો છે એવું ગ્રંથકાર જણાવે છે.

પ્રસ્તુત ગ્રંથની રચના ૧૩૭૨ માં **વિજયાદશમી**ના દિવસે પૂરી થઇ છે. આ સંવત વિક્રમ કે શાકે છે ? તેનો ઉલ્લેખ આ ગ્રંથમાં નથી પરન્તુ છસોથી વધારે વર્ષો પહેલાનો આ ગ્રંથ છે એમાં તો શક નથી.

ગ્રંથકાર **જૈન ધર્મ પાલનાર હતો.** તેણે મંગલાચરણમાં સમ્યક્ત્વનું અનુસરણ કરનાર દેવોને વંદન કર્યું છે અને અનેક ઠેકાણે **પરમ જૈન ઠક્કુરફેરૂ** તરીકે પોતાનો ઉલ્લેખ કરે છે. જૈનોમાં આ વિષયના ગ્રન્થો ઓછા મળે છે તેમાં આ ગ્રન્થ આશીર્વાદાત્મક ગણાશે.

વર્તમાનમાં સૂરતથી નિકલેલ **શોભનસ્તુતિ** સટીક વિગેરેમાં કેટલાક જૈન દેવી દેવતાઓના **ચિત્રો છપાયા** છે. **તે જૈન ચિત્રકળાની દૃષ્ટિએ જોઇએ તેવા નિર્દોષ અને સંપૂર્ણ લક્ષણોપેત નથી.** જો આ વિષયના પ્રાચીન ગ્રંથ લોકોના હાથમાં આવે તો શિલ્પકળા વિષે ઘણું જાણવાનું મળે અને **જૈન શિલ્પકળાની સાથે ભારતીય શિલ્પકળામાં પણ ઘણું અજવાળું પડે.**

જૈન ગ્રંથાવળીમાં **વાસ્તુશાસ્ત્ર** નામનો શિલ્પગ્રંથ **ભોજદેવ**રચિત ટાંકયો છે. જે પાટણના નં. ૪ ભંડારમાં છે એમ સૂચવ્યું છે. તે જૈનનો છે કે બીજાનો તે જોયા પહેલા કહી શકાય નહિ. મુદ્રિત ગ્રંથોમાં **નિર્વાણકાલિકા** ગ્રંથ જુનો અને આ વિષયને થોરો ઉપયોગી છે. **પ્રવચનસારોદ્ધાર**માં પણ થોડું પ્રાસંગિક વર્ણન છે પણ તે **નિર્વાણકાલિકાના** આધારે લખાયું હોય એવું અનુમાન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રતિઓ

આ ગ્રંથની એક નકલ જયપુરવાળા ભગવાનદાસજી જૈન જ્યોતિષી પાસે છે, તેના આધારે જ મેં આ લેખની ગાથાઓ લખી છે. તેમાં કેટલોક ભાગ અશુદ્ધ કિંવા સંદિગ્ધ જણાય છે. કોઇ કોઇ સ્થળે છન્દોભંગ પણ દેખાય છે. આ ખામીને દૂર કરવા બીજી પ્રતિઓની જરૂરત છે. તપાસ કરતાં આ ગ્રંથની જુદે જુદે સ્થલે સાત હસ્તલિખિત પ્રતો છે. પ્રતિવાળા વ્યક્તિઓમાંથી શ્રીનેમિસૂરિજી, કલ્યાણવિજયજી, જસવિજયજી, ભક્તિવિજયજી મહારાજ છે અને સાતમી પ્રતિ જયપુરમાં છે.

## સંપાદન

શિલ્પ વિષયનો આ નાનો પણ ઉપયોગી ગ્રંથ છે, એટલે આનું સુંદર રીત્યા સંપાદન અને પ્રકાશન થાય તો ઘણા વિદ્વાનો આનો લાભ લઇ શકે. જેટલી મળી શકે તેટલી જુની અને વધુ આદર્શ પ્રતિઓ મેળવી આ મૂલ ગ્રંથનો અશુદ્ધ અને સંદિગ્ધ પાઠ શુદ્ધ અને નિશ્ચિત કરી લેવો અગત્યનો છે. પછી પાઠાન્તરો પણ તમામ આપવા જોઇએ. જો કે આ ગ્રંથની સંસ્કૃત છાયા કરવી ઘણી અઘરી છે, કારણ કે શિલ્પની પરિભાષા, રૂઢિ અને સંજ્ઞાઓ જાણ્યા વગર તે થઈ શકે નહિ, છતાં બની શકે તો પરિશ્રમ કરીને પણ છાયા આપવી શ્રેયસ્કર છે. ઉપયોગી નોટો પ્રસ્તાવના વિગેરેથી વિલંબે પણ સુંદર રીતે આ ગ્રંથનું સંપાદન થાય તો એક નવો પ્રકાશ પડી શકે.

પંડિત ભગવાનદાસજી જૈન એક પ્રતિ ઉપરથી આની નકલ કરીને તેનો હિન્દી અનુવાદ કરે છે, કેટલાક ઉપયોગી પરિશિષ્ટો પણ આપવા તેઓ વિચાર કરે છે. પંડિતજીનું આ કાર્ય અનુમોદન કરવા લાયક છે, છતાં પહેલા જો આ મૂલ ગ્રંથ સુંદર અને આદર્શ રીતે એડિટ થાય તો વધુ સારૂં એવી મારી માન્યતા છે.

## પ્રતિષ્ઠાસારની આલોચના.

આ ગ્રંથના કર્તા વસુનંદિ નામના જૈન સાધુ છે. તે શ્રીહેમચંદ્રસૂરિ કરતાં પણ પહેલાના હોય એમ લાગે છે. પ્રસ્તુત ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે. આ ગ્રંથ પાંચ પરિચ્છેદોમાં પૂરો થયો છે. તીર્થંકર, યક્ષ યક્ષિણી આદિ દેવીદેવતાઓની મૂર્ત્તિના લક્ષણો, પ્રકારો અને મંદિરનિર્માણ સંબંધી આમાં સંક્ષેપમાં સાધારણ રીતે વર્ણન ઠીક કર્યું છે.

મંગલાચરણમાં પહેલા સિદ્ધ ( મુક્ત ) અને પછી આદિદેવ ( ઋષભદેવ જૈનોના પહેલા તીર્થંકર ) ને વંદન કરી બાકીના મહાવીર ભગવાન્ સુધી ૨૩ તીર્થંકર પછી શાસ્ત્ર અને ગુરૂને નમસ્કાર કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કુરૂક્ષેત્રમાં ધર્મ બીજારોપણ.

( ગતાંક પૃષ્ટ ૧૬૩ થી શરૂ )

મા૦ વદિ ૧૨ દિને સવારે લખનઉનિવાસી લાલા **સ્વરૂપચંદજી ઝવેરી** તરફથી પૂજા ભણાવવામાં આવી હતી. આંગી રચવામાં આવી હતી.

અહીં નોંધ કરવા જેવી એક બીના છે કે-અહીંના જૈનોએ ઉત્સવનિમત્તે યથાશક્તિ દાન કર્યું જેમાં એક ખુમચાની ફેરીથી આજીવિકા કરનાર જૈન ભાઇએ પોતાની સારી જીંદગીમાં તનતોડ મહેનત કરી ૧૦ રૂપૈયા એકઠા કર્યા હતા. આ સારી રકમ તેમણે ઉત્સવમાં સમર્પિત કરી છે. આ પ્રસંગ કાળજૂના ભીમાશાહના દાનને પુનઃ યાદ કરાવે છે.

આ પ્રદેશમાં ગત વર્ષમાં મહારાજશ્રીના ઉપદેશથી ૩૦૦ જૈનો બન્યા હતા. પ્રસ્તુત ઉત્સવમાં તે સંખ્યામાં વધારો થયો છે. અહીં પણ નવા જૈનો થયા

---

આ ગ્રંથ પૂવના ગ્રંથોના આધારે લખ્યો છે. પોતાની નિર્મૂલ કલ્પનાથી લખ્યો નથી તે બતાવવા માટે ગ્રંથકાર આ વિષયના ગ્રંથોના કેટલાક નામો લખે છે. તે આ છેઃ—**વિદ્યાનુવાદસૂત્ર**, **વાગ્દેવીકલ્પ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, મહાપુરાણ, શ્રાવકાધ્યયનશ્રુત.**

ચોથા પરિચ્છેદના અંતમાં **विशेषतः पुनर्ज्ञेयं श्रावकाध्यनात् स्फुटम् ।** લખી ગ્રંથાકર કહે છે કે આના સંબંધમાં વિશેષ ( વધુ ) જાણવું હોય તો **શ્રાવકાધ્યયનથી** સ્પષ્ટ જાણવું.

આ ઉલ્લેખથી જણાય છે કે **શ્રાવકાધ્યયન** નામનો ગ્રંથ આ વિષયમાં ઘણો સારો પ્રકાશ પાડનારો હશે. પ્રતિમા-મૂર્તિના લક્ષણો વિગેરે વિષયોનો તે આકર અને સૈદ્ધાન્તિક ગ્રંથ હોવો જોઇએ. આ ગ્રંથ ઉપલબ્ધ છે કે નહિં તેની મને ખબર નથી. જો આ ગ્રંથ ઉપલબ્ધ હોય કિંવા થાય અને જગત આગળ મૂકાય તો ઘણું ખરૂં જાણવાનું મળે.

આ ગ્રંથની નકલ પં. ભગવાનદાસ પાસે છે. તેની વધુ પ્રતિઓ મેળવી આનું પણ સુંદર રીતે સંપાદન થાય એ તરફ હું વિદ્વાનોનું ધ્યાન ખેંચું છું.

લેખક—**હિમાંશુવિજય-ન્યાયકાવ્યતીર્થ**

---

૧ અહીં શ્રાવક શબ્દનો અર્થ शृणोतीति श्रावकः વ્યુત્પત્તિથી શિષ્ય અર્થ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તથા જસડ, ધનોરા, પીઠલોકર, ગોહલા, કુંડપર, પાંચલી, મુઢેડા, કાલંદ, કાલંદરી, ભમાલી, છૂર વિગેરે ગામના ભાઈઓએ જૈનધર્મ સ્વીકાર્યો છે.

આ ઉત્સવમાં દીલ્હી, લખનઉ, મેરઠ, બડોત, ગુજરાનવાલા, માલેરકોટલા મવાના, ભરૂચ, કપડવણજ એમ ૩૩-૩૪ ગામના ભાઈઓએ ભાગ લીધો છે. દરેક પર જૈન ધર્મની ઉંડી છાપ પડી છે.

તથા સરધનાવાસી જનતા હિંદુ-મુસલમાન જૈન-અજૈન દરેકે દરેક જૈન ધર્મના મુક્તકંઠે ગુણાનુવાદ કરે છે.

આવેલ જિનપ્રતિમાઓની સાલ વિગેરે આ પ્રમાણે છે.

**શ્રી સુમતિનાથ ભગવાન**—મૂળનાયક ઉંચાઈ ઈંચ ૧૭. ગાદીમાં નીચે શિલાલેખ ॥ श्री आगरानगरवास्तव्य संघपति श्री ( ક્રોંચલંછન ) चंद्रपालेन प्रतिष्ठा कारिता ॥

ગાદીમાં પાછળ શિલાલેખ ( લીંટી-૧ ) A सं. १६६७ वर्षे माघसित६ गुरौ ओसवालज्ञातिय ' B—जंडिया गोत्रजन्म सा० केसा पुत्र सा०' C—जमुपुत्र सा० नानूपुत्र सा० सूर्यपुत्र सा० रुडमल्लेन.

( લીંટી-૨ ) A—भार्या मुलादे सूक्तादे पुत्र सा०जिनदास B—माइदास पौत्र परतापसिंघ स्नु C—षा जिणादे प्रमुख कुटुम्बयुतेन श्री सुमतिनाथबिंबं.

( લીંટી-૩ ) A—महोपाध्याय श्रीविवेकहर्षगणिना B—मुपदेशात्कारिता प्रतिष्ठितं श्री C—तपागच्छेन्द्रभट्टारकश्रीविजयसेनसूरिभिः*२

શ્રીસુમતિનાથ ભગવાન્ જમણી બાજુ ઉંચાઇ ઈંચ ૧૫॥ ગાદીમાં નીચે શિલાલેખ—श्री आगरानगर वास्तव्य सं० श्री ( ક્રોંચલાંછન ) श्री चंद्रपालेन प्रतिष्ठा कारिता ॥

ગાદીમાં પાછળ શિલાલેખ ( લીંટી-૧ ) A सं. १६६७ वर्षे माघसित ६ उ० ज्ञा० जंडिया B—सं. होलापुत्र सं. पूरणमल्लपुत्र सं. चंद्र C—पालपुत्र सं. राजा भार्या राजलदेव्या श्रीसुमतिनाथ.

---

*૨ આ અંજનશલાકા વિ૦ સં૦ ૧૬૬૭ માં શ્રીવિજયસેનસૂરિના હાથે થએલ છે. પ્રતિષ્ઠા કરાવનાર આગ્રાનિવાસી સંઘપતિ ચંદ્રપાળ છે. સંઘપતિ ચંદ્રપાલે આગરામાં યમુનાને સામે કાંઠે ભવ્ય જિનાલય બનાવી તેમાં અનેક જિનપ્રતિમાઓની સ્થાપના કરી હતી. પાછળથી એ મંદિરનો નાશ થતાં દરેક મૂર્તિઓ શ્રી ચિંતામણિજીના ભંડારમાં રાખેલ છે, જેમાંની કેટલીક મૂર્તિઓ કલકત્તા કાચનું મંદિર, મથુરા જૈનમંદિર, બડોત તથા સરધના મંદિરમાં સ્થાપિત કરાએલ છે.—લેખકઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( લીંટી–૨ ) A–बिं० उ० विवेकहर्षगण्युपदेशात्का० प्र० B–तिष्ठितं श्री तपागच्छाधिराजभट्टार C–श्रीविजयसेनसूरिभिः*[२]

શ્રી નમિનાથજી ડાબી બાજુ ઉંચાઈ ઈંચ ૧૫ ગાદીમાં નીચે શિલાલેખ ( લીંટી–૧ ) सं. १६६८ साह श्री हीरानं ( કમળલાંછન ) द पुत्र साह निहालचंद्रेण ( લીંટી–૨ ) श्री नमिनाथबिंबं का० प्र० ( કમલલાંછન ) खरतरजिनचंद्रसूरिभिः ॥

ગાદીની પાછળ લેખ નથી.*[૩] ધાતુમૂર્તિ શ્રી કુંથુનાથ ભગવાનનો શિલાલેખ— सं. १५३२ पोषशुदि १५ सोमे उकेश सा० पद्मा भा० लाडी सुत सा० समधर भा० जिवीणी सुत सा० सहजाकेन भा० मेघाइ भ्रातृ सा० सोला भा० पूराइ सा० श्रीपाल भा० गउराइ पुत्र धना माका हरपति तेजादि कुटुम्बयुतेन पितृश्रेयोर्थं श्री कुंथुनाथचतुर्विंशति पट्टः कारितः प्रतिष्ठितः श्रीसूरिभिः श्रीनटीपद्र नगरे.

ધાતુમૂર્તિ શ્રી શાંતિનાથજીનો શિલાલેખ—सं. १५०९ वर्षे वैशाखशुदि ७ बुधे श्री उपकेशगच्छे मीडोरागोत्रे सं. पीथा भा० लखरा श्री सु० गुजरराणा झांझणाद्यै श्रीशांतिनाथबिंबं कारितं श्रीककुदाचार्य संताने । प्रतिष्ठितं श्रीककसूरिभिः

ધાતુમૂર્તિ શ્રી ધર્મનાથજીનો શિલાલેખ—सं. १५३३ वर्षे महा वदि ११ शनौ उप० विपावटगोत्रे सा० छाध भार्या ललतादे पू० डीडा धालहाभ्यां पितृमातृश्रे० श्री धर्मनाथबिंबं कारितं प्र० धर्मघोषगच्छे भ० श्रीमहेन्द्रसूरिपट्टे भ० श्री शालिभद्रसूरिभिः×*[३]

આ પ્રમાણે સરધનામાં પ્રાચીન સુંદર મૂર્તિઓ પધરાવેલ છે.

મેરઠ જીલ્લામાં આર્યસમાજ તથા ક્રિશ્ચીયન ચાર ચાર આને સત્યાર્થપ્રકાશ તથા બાઇબલ આપી લોકોને આકર્ષે છે. ઇતર ધર્મગુરૂના અભાવે લોકો

*૩ આ શાહ હીરાનંદે શ્રી મંદિર સ્વામીનું મંદિર તથા હીરાનંદ બાગ બનાવ્યા હતા. મંદિર હૈયાત છે. જૈનોની બેદરકારીથી બાગ છૂટી ગયો છે, જ્યાં ઉ૦ શ્રી વીરવિજયજી મ૦ પ્રતિષ્ઠિત દાદા-મંદિર છે. તેની ભરાવેલ કેટલીક જિનપ્રતિમાઓ આગરામાં–ચિંતામણિજીના મંદિરમાં રક્ષિત છે. તેમના નામની "હીરાનંદબાવની" બની હતી. દીલ્હીની હીરાનંદ ગલ્લી તેમની યાદી કરાવે છે. હીરાનંદ બાગના કુવાનો શિલાલેખ શ્રીચિંતામણિજીના મંદિરમાં સુરક્ષિત છે. —લેખક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં મળી જાય છે. તે ધર્મનેતાઓ પણ નવા આવનારને સ્કૂલ, દવાખાનાં, અન્ન, નોકરી. રૂપૈયા, સ્ત્રી ઇત્યાદિ દરેક પ્રકારની મદદથી નવાજે છે. આવી સ્થિતિમાં ઇતર ધર્મવાલાઓએ અહીં પોતાના ધર્મને સ્થાપવો એ ઘણું કામ છે, પરંતુ જૈનોને સ્વધર્મ પ્રચાર માટે અહીં એટલી બધી તકલીફ ઉઠાવવાની જરૂર પડે તેમ નથી. આ પ્રદેશમાં નવા જૈનોને માત્ર મંદિરજી, ઉપાશ્રય તથા જૈનશાળા કરાવી દેવાની અગત્ય છે.

+ સરધના વિગેરે ગામોમાં નવા જૈનો બન્યા છે. હવે તેઓને ધર્મસામગ્રીની મદદ આપી અપનાવવા એ શ્રીસંઘની ફરજ છે.

તો પૂજ્યશ્રી સાધુસંઘને તથા સાધ્વીવર્ગને વિનતિ છે કે તેઓ પોતાના પૂનિત ચરણોથી આ ભૂમિને પવિત્ર કરે, પોતાની અમૃતવાણીથી આ ભાઇઓને દઢધર્મી બનાવે.

દાનવીર શ્રાવક તથા શ્રાવિકાસંઘને નિમંત્રણ છે કે તેઓ આ પ્રદેશના જૈનોને ધર્મમાં સ્થિર કરવા પોતાનો ઉદાર હાથ લંબાવે, તથા હસ્તિનાપુર તીર્થની યાત્રાએ પધારતા અહીં પધારી જિન-દર્શનનો લાભ લેવા સાથે અહીંના જૈનોની ઝુંપડી ને પવિત્ર કરે.* ૫

સાહિત્યરસિક વીરપુત્રોને વિનંતિ છે કે—પોતાની સાહિત્યદૃષ્ટિ આ તરફ દોરવે અને જ્ઞાનશાળા તથા હિંદી સાહિત્યથી મદદ આપી અહીં જૈન ધર્મના પ્રચારમાં સહકાર અર્પે.

આવી રીતે કુરૂદેશમાં મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી આદિએ કરેલું આ ધર્મબીજારોપણ ખૂબ ફાલેફૂલે અને જૈનશાસનરૂપી કલ્પવૃક્ષનાં સ્વાદુફળો મેળવે.

---

*૪ પૂર્વદેશનો શ્રીમાળી સમાજ પ્રથમ આ ગચ્છનો ઉપાસક હતો. પાછળથી એ ગચ્છની સાધુપરંપરાનો વિચ્છેદ થવાથી તેમણે ગચ્છાંતર સમાચારી સ્વીકારી છે. છેલ્લી બે સદીથી તેઓ ખરતરગચ્છને ઉપાસે છે. ધર્મઘોષગચ્છીય શ્રીમાળી જૈનોની ભરાવેલ ઘણી પ્રતિમાઓ આગરા—શ્રી ચિંતામણિપાર્શ્વનાથના ભંડારમાં મોજુદ છે. લેખક—

* ૫ સરધના શહેર શ્રીહસ્તિનાપુર તીર્થથી ૨૭ માંઇલ પશ્ચિમે N. W. Ry. ના દોરાલા (સરધનારોડ) સ્ટેશનથી ૬॥ માઇલ પશ્ચિમે તથા N. W. Ry. ના મેરઠ જંક્શનથી ૧૩ માઇલ વાયવ્યમાં છે. અહીં દશ હજાર મનુષ્યોની વસ્તી છે.

+ હસ્તિનાપુર નગરના યુવાની કાળમાં અહીં જંગલ હતું. પાંડવ-કૌરવોએ અહીં બાણકળા પ્રાપ્ત કરી હોય એમ સંભવે છે, તેથી જ બે સૈકા પહેલાં અહીં નગર વસ્યું ત્યારે તેનું નામ " સર-ધના " ( શર—બાણ ધારણ કરવાની ભૂમિ ) રાખ્યું હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिंदना सकळ जैन बंधुओने नम्र विनंति.

गइ ता. १५–१–३४ ना रोज बिहार–ओरीसा प्रांत विगेरेमां थयेल धरतीकंपथी त्यां आवेला आपणा प्रसिद्ध जैन तीर्थो, मंदिरो, धर्मशाळाओने घणुं ज नुकशान थयुं छे. ते माटे कलकत्ता शहेरमां श्री जैन श्वेतांबर श्रीसंघनी सभा ता. ४–२–१९३४ ना रोज शेठ श्री डोसाभाइ लालचंदना प्रमुखपणा नीचे मळी हती, तेमां बिहार प्रांतमां थएल धरतीकंपथी त्यांना जैन मंदिरोनो जीर्णोद्धार अने धर्मशाळाओनी मरामत वर्षाकाळ पहेलां करवा माटे एक जनरल फंड खोलेल छे. हिंदुस्ताननना जैन श्वेतांबर भाइओने ते सभा विनंति करे छे के यथासाध्य ए फंडमां द्रव्य आपी पोताना कर्तव्यनुं पालन करे. दरेक जैन श्वेतांबर तीर्थ अथवा नगर–शहेरना श्वेतांबर जैन मंदिरना ट्रस्टीओ अने कार्यवाहकोने ए सभा अनुरोध करे छे के ते मंदिरो या तीर्थोना देवद्रव्यमांथी योग्य द्रव्य आपी ए मंदिरोना जीर्णोद्धारना कार्यमां सहाय करे. आ माटे त्यांना जुदा जुदा गृहस्थोनी एक कमिटी नीमवामां आवेली छे. प्रमुख बाबुसाहेब सुरपतसिंहजी दुगड, उपप्रमुख–रायबहादुर सुखराजजीराय भागलपुर, मंत्री–बाबुसाहेब बहादुरसिंहजी सिंघि, कोषाध्यक्ष शेठ केशवजी नेमचंद अने बीजा २१ सद्गृहस्थो मळी छवीश बंधुओनी कमिटी निमवामां आवी छे.

नोट:—उपरोक्त कार्यमां हिंदना दरेक जैन श्वेतांबर जैन बंधुओ अने बहेनोनी आ प्राचीन तीर्थो, मंदिरोने अने धर्मशाळाओ धरतीकंपथी थएला नुकशानने अंगे तात्कालिक मदद आपवानी जरुर छे, जेथी दरेके यथाशक्ति ते फंडना मेहेरबान मंत्री साहेब बाबुसाहेब बहादुरसिंहजी सिंघी कलकत्ता ठे. चित्तपुर रोड उपर आर्थिक सहाय मोकली आपवा अमारी नम्र विनंति छे.

सेक्रेटरीओ

श्री जैन आत्मानंद सभा—भावनगर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગ્રંથ સ્વીકાર–સમાલોચના પહોંચ.

નીચે જણાવેલા ગ્રંથો આ સભાને ભેટ મળેલા છે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

શેઠશ્રી દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ સુરત તરફથી—

૧ **શ્રીકલ્પસૂત્ર** ( બારસાસૂત્ર ) સચિત્ર વિવિધ સોનેરી વગેરે રંગોથી સુશોભિત આકર્ષક પ્રત છે. જ્ઞાનભંડારના શૃંગારરૂપ છે. કિંમત રૂા. ૧૨–૦–૦

૨ **અનેકાર્થમંજૂષા**—શ્રી સમયસુંદરજીવિરચિત અષ્ટલક્ષી વગેરે. અનેકાર્થવાળા ગ્રંથો તથા સ્તોત્રાદિકનો સંગ્રહ, નમસ્કાર મંત્ર અને ઉપસર્ગહરસ્તોત્ર ટીકાઓ સાથે આપેલ છે. ખાસ ઉપયોગી કિંમત રૂા. ૩–૦–૦

આ સંસ્થા તરફથી વિવિધ સાહિત્ય પ્રગટ થાય છે.

૩ **સામાયિક સદ્દબોધ**—લેખક તથા સંગ્રાહક શંકરલાલ ડી. કાપડીયા સુપ્રિ. જૈન ગુરૂકુલ પાલીતાણા–મૂળ સૂત્રો, અર્થ અને વિવેચન એ મૂળ ગ્રંથના વિષયો ઉપરાંત સામાયકના અનુષ્ઠાનો, સમતાનું સ્વરૂપ, ત્રણ પ્રકારના આત્માનું વિવેચન અને કથાઓ વગેરે વિષયોનો સંગ્રહ કરી વસ્તુને ઉપયોગી બનાવી છે. કિંમત પાંચ આના. પ્રકાશક પાસેથી મળી શકશે.

---

## રીપોર્ટ.

**શ્રી ચારૂપ મહાતીર્થનો સં. ૧૯૭૨ થી સં. ૧૯૮૮** સુધીનો અઢાર વર્ષનો આવક–ખર્ચનો હિસાબ.

પ્રકાશક **ઝવેરી ચુનીલાલ મગનલાલ તથા શાહ લહેરૂચંદ નહાલચંદ.** ( વહીવટકર્ત્તા ) આ તીર્થ ઘણું પ્રાચીન અને પ્રસિદ્ધ પાટણથી ચાર ગાઉ દૂર આવેલ છે. મંદિર સુંદર અને ભવ્ય છે. તેનો જીર્ણોદ્ધાર વહીવટકર્ત્તા ભાઇઓએ, પાટણનિવાસી જૈન બંધુઓએ આપેલ સહાયવડે કરી તીર્થભક્તિ કરી છે. રીપોર્ટ વાંચતાં વહીવટ પણ યોગ્ય રીતે થયેલ છે. હિસાબ પણ ચોખ્ખવટવાળો છે. મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજે આ રીપોર્ટમાં આપેલ આ તીર્થનો ઇતિહાસ તેની પ્રસિદ્ધિ, ગૌરવ, પ્રાચીનતા વગેરે સૂચવે છે. રીપોર્ટમાં દરેકે દરેક હકીકત સ્પષ્ટ જણાવેલ છે.

---

## નવા થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ ડુંગરશી હરિલાલભાઇ ધ્રાંગધ્રા લાઇફ મેમ્બર.

૨ શાહ હીરાલાલ ફૂલચંદ ભાવનગર ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાંતમૂર્ત્તિ મુનિરાજ શ્રીહંસવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ભારતવર્ષના જૈન શ્વેતાંબર મુનિરૂપી ગગનાંગણુ ( આકાશ )માંથી એક પ્રકાશમાન તારો અસ્ત થયો છે. તે મહાપુરૂષ **શ્રીહંસવિજયજી** મહારાજ જેઓશ્રી ન્યાયાંભોનિધિ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વરજી**ના ( શિષ્ય મુનિરાજ શ્રીલક્ષ્મીવિજયજીના શિષ્ય) પ્રશિષ્ય હતા. લાંબા વખતથી બિમારીને લઇ અશક્ત હતા. તેઓશ્રી ચાલતા માસની શુદિ ૧૦ શુક્રવારના રોજ પ્રભાતમાં સમાધિપૂર્વક ( કાળધર્મ ) સ્વર્ગવાસ પામ્યા છે. કૃપાળુ હંસવિજયજી મહારાજની જન્મભૂમિ વડોદરા હતી. ગૃહસ્થાવસ્થામાં લક્ષ્મી, બ્હોળું કુટુંબ, વૈભવ, સુખ વગેરે પુણ્યોદયથી પ્રાપ્ત થયા છતાં

**પરમપૂજ્ય શાંતમૂર્તિ શ્રીમાન્ હંસવિજયજી મહારાજ**



જન્મ સંવત ૧૯૧૪ અશાડ વદિ ०)) વડોદરા.

દિક્ષા સંવત ૧૯૩૫ મહા વદિ ૧૧ અંબાલા. (પંજાબ)

સ્વર્ગવાસ સં. ૧૯૯૦ ના ફાગણ શુદિ ૧૦ શુક્રવાર પાટણ. ( ગુજરાત. )

પૂર્વભવના ઉચ્ચ સંસ્કારથી નાની અને યુવાવસ્થામાં ચારિત્ર ઉદય આવ્યું અને સંવત ૧૯૩૫ ની સાલમાં પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજના સ્વહસ્તે ચારિત્ર ગ્રહણ કર્યું હતું. ગમે તેવા ધાર્મિક સંસ્કાર કે ધર્મીપણું હોય છતાં પોતાના પ્રિય પુત્ર કે કુટુંબીજન સંસાર ત્યાગ કરે તો મોહવશથી કુ[illegible]ના મનુષ્યો કે માતપિતાને દુઃખ થાય, છતાં પિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાએ રાજીખુશીથી રજા આપતાં વડીદીક્ષા વડોદરામાં આપવામાં આવી હતી. એકવીશ વર્ષની ભરયુવાન વયે ચારિત્ર લીધું કે તરત જ ગુરૂભક્તિ અને જ્ઞાનાભ્યાસમાં જીવન ગાળવું શરૂ કર્યું. આખું જીવન શુદ્ધ ચારિત્રનું પાલન કર્યું હતું, તેમજ ખરેખરા ક્રિયાપાત્ર હતા અને શુદ્ધ નિર્મળ ચારિત્રનું જીવનના અંત સુધી પાલન કર્યું હતું. શાંત જીવન, નિખાલસ પવિત્ર હૃદય, ઉપાધિ રહિત ચિંતન, સતત અભ્યાસીપણું અને ઉગ્ર વિહારી હતા. સાથે કોઇ પણ પ્રકારની પદવીના લોભી નહિં હતા. આગમના અઠંગ અભ્યાસી હતા. તેઓશ્રી કવિ પણ હતા કે જે હંસવિનોદ, શ્રીસમેત્તશિખર અને ગિરનાર તીર્થની પૂજાઓ તે તેઓની કૃતિ મોજુદ છે. પ્રશ્નોત્તર પુષ્પમાળા, કુમારવિહારશતક વગેરે ગ્રંથો પણ તેઓ સાહેબે બનાવી જૈન સમાજ ઉપર ઉપકાર કરેલ છે. જૈન સમાજમાં તેઓ સર્વેને એક સરખા પૂજ્ય હતા. આવા એક પવિત્ર મહાપુરૂષ, અખંડ ( નિર્દોષ ) પવિત્ર ચારિત્રધારીનો સ્વર્ગવાસ થવાથી જૈનસમાજને એક મુનિરત્નની નહિ પુરાય તેવી ખોટ પડી છે. આ સભા ઉપર પ્રથમથી ગુરૂભક્તિ નિમિત્તે પ્રેમ, ઉપકાર, અને કૃપા હતી જેથી આ સભાને પારાવાર દિલગીરી થાય છે, અને તેઓશ્રીના સ્વર્ગવાસથી સભાને કદિ પણ નહિં ભૂલાય તેવી ખોટ પડી છે. છેવટે પરમકૃપાળુ સ્વર્ગવાસી મહાત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેવી આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે. સભાની જનરલ મીટીંગ શુદ ૧૦ રાત્રે મળી હતી અને તેઓ માટે દિલગીરી દર્શાવવાનો ઠરાવ કર્યો હતો અને એ પ્રસંગે શુભ નિમિત્તમાં વાપરવા સારૂ અત્રેના શ્રીસંઘ તરફથી ફંડ કરવામાં આવ્યું છે. તેમાં સભાસદોએ પણ ફંડ ભર્યું છે.

---

## શ્રી જૈન આત્માનંદ સભાની જનરલ મીટીંગનો ઠરાવ.

પરમકૃપાળુ શાંતમૂર્તિ પ્રાતઃસ્મરણીય મુનિમહારાજ શ્રી હંસવિજયજી મહારાજશ્રીનો પાટણ મધ્યે આજે સવારના સાત વાગે સ્વર્ગવાસ થયાના સમાચાર મળવાથી સભાના તમામ મેમ્બરો બહુ જ દિલગીર છે, એમના ઉચ્ચ આત્માને પરમ શાંતિ મળો એવો ઠરાવ કરે છે અને આ મીટીંગનો ઠરાવ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ તથા પંન્યાસજી સંપત્તવિજયયજી મહારાજને માકલવાનું ઠરાવે છે. તા. ૨૩–૨–૩૪

ફાગણ વદિ ૧ થી મોટા જિનાલયમાં અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચૈત્રી પૂર્ણિમા સુધી

**શ્રીપાળ રાજાનો રાસ સચિત્ર. ( અર્થ સહિત )**

કીંમત રૂા. ૩-૦-૦ ઘટાડેલી કીંમત રૂા. ૨-૦-૦

**શ્રી નવપદપૂજા સચિત્ર. ( અર્થ સહિત )**

ફુટનોટ, ભાવાર્થ, અર્થ, યંત્ર, મંડળ, વિધિ સહિત, સુંદર રેશમી બાઇન્ડીંગ.

કીંમત રૂા. ૧-૪-૦ ઘટાડેલી કીંમત રૂા. ૧-૦-૦

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

**શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ.**

આ માસિકના સુજ્ઞ ગ્રાહકોને આપવાની ભેટની બુક છપાય છે. લવાજમ પ્રથમ મોકલનારને વી. પી. ખર્ચનો બચાવ થાય છે. ભેટની બુકની સવિસ્તર હકીકત આવતે અંકે આપવામાં આવશે.

---

તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

**દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્ર–શબ્દાર્થ–ભાવાર્થ–અન્વયાર્થ સહિત.**

દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં ઘણી જ વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં પણ આ બુક પ્રમાણે દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક અનેક વિષયો દાખલ કરી તૈયાર કરવામાં આવી છે. આ બુક ઘણી મોટી થયેલ હોવા છતાં કિંમત માત્ર નામની જ દશ આના તથા ટપાલખર્ચ ત્રણ આના રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૬૦. ફાલ્ગુન. આત્મ સં. ૩૮. અંક ૮ મો.

## જ્યારે જ્યારે જડતા જામે છે–

" જ્યારે જ્યારે ધર્મ–સંપ્રદાયમાં જડતા જામે છે, સિદ્ધાંતમાં રહેલું ચેતન ઉડી જાય છે ત્યારે ત્યારે અંદરથી આધ્યાત્મિક વિપ્લવ જાગે છે, દાર્શનિક પ્રત્યાઘાત ઉઠે છે, વિચારો, માન્યતાઓ અને પરંપરાઓ જાણે કે કસોટીના રંગાડામાં ઉકળે છે. જ્યારે જ્યારે વારસામાં ઉતરી આવતાં સિદ્ધાંત અપૂર્ણ બને છે, યુગ પલટાય છે અને યુગપલટાને લીધે સમૂહ અધીરો બને છે ત્યારે એક બુદ્ધ, એક મહાવીર, એક વ્યાસ કે એક શંકર દેખાવ દે છે. અધ્યાત્મજીવનના સાગર હિલોળે ચડે છે, ઇતિહાસની આ અદ્‌ભુત પળો હોય છે. માનવજાત એ વખતે નવી મુસાફરી શરૂ કરે છે. આર્યાવર્તના જીવનમાં સિદ્ધાંત અને જીવન, વ્યવહાર અને ધર્મ જુદાં નથી: પરસ્પર એવાં તો વણાયલાં છે કે જ્યારે જ્યારે જીવન પલટાય છે ત્યારે ત્યારે ધર્મ અને સિદ્ધાંતમાં પણ નવા અર્થ પૂરાય છે. "

શ્રીયુત રાધાકીશન.

For Private And Personal Use Only